| | |
|---|---|
| કેસ દાખલ તારીખ | તા.૨૩/૦૮/૨૦૨૧. |
| કેસ રજીસ્ટર્ડ તારીખ | તા.૨૩/૦૮/૨૦૨૧. |
| કેસ ફેસલ તારીખ | તા.૨૧/૦૭/૨૦૨૬ |
| સમયગાળો | ૦૪વર્ષ,૧૦ માસ,૨૮દિવસ |

**::નમૂના–અ::** **આંક– ૬૭**

**મુખ્ય ફોજદારી ન્યાયાધીશ(પ્ર.વર્ગ),વાલીયા,તા.વાલીયા.જી.ભરૂચના ન્યાયાલયમાં**
**શ્રી એ.એમ.સોની. –મુખ્ય ફોજદારી ન્યાયાધીશ(પ્ર.વર્ગ).**

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૨૧/૦૭ /૨૦૨૬. |
| ફો.કે.સંખ્યા | સી.સી.નં.૧૬૯૬/૨૦૨૧ |

| ગુનાની વિગત | |
|---|---|
| ગુનાની કલમ | ભા.દં.સંહિતા–૪૦૬,૪૦૯,૪૨૦,૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧ ,૧૨૦(બી),૧૧૪ મુજબ |
| પ્ર.માહિતી અહેવાલ સંખ્યા | વાલીયા પો.સ્ટે ગુ.ર.નં.૧૧૧૯૯૦૫૦૨૦૦૭૪૧/૨૦૨૦ તા.૦૨/૦૧/૨૦૨૦ |
| પોલીસ સ્ટેશન | વાલીયા પો.સ્ટે.તા.વાલીયા,જી.ભરૂચ |
| ફરિયાદપક્ષ | સરકારશ્રી /ફરિયાદીનું નામ: કપીલાબેન D/O ગોરધનભાઈ તડવી, મુળ રહે. ટીમરોલીયા, મુ.પો.અરેઠી, તા.નેત્રંગ,જી.ભરૂચ, હાલ રહે.બી–૩ મ.નં.૩૧ વાલીયા પોલીસ લાઈન તા.વાલીયા,જી.ભરૂચ. |
| રજૂઆત | વિ.મદદનીશ સરકારી વકીલશ્રી જી.બી.મકવાણા. |
| આરોપી પક્ષ | (૧) મગનભાઈ કોલીયાભાઈ ઉકડીયાભાઈ વસાવા<br>રહે. વાંદરીયા ઓફીસ ફળીયુ,વાલીયા,તા.વાલીયા, જી.ભરૂચ. |
| રજૂઆત | વિ.વકીલશ્રી– આરોપી તર્ફે વી.આર.વસાવા |

**::નમૂના–બ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૨/૧૦/૨૦૨૦ |
| પ્ર.માહિતી અહેવાલની તારીખ | ૦૨/૧૦/૨૦૨૦ |
| આખરી અહેવાલની તારીખ | તા.૧૪/૦૮/૨૦૨૧ |
| તહોમતનામાની તારીખ | તા.૨૩/૧૨/૨૦૨૧ |
| પુરાવો શરૂ થયાની તારીખ | તા.૩૧/૦૮/૨૦૨૧ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | તા. ૨૧/૦૭/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | તા. ૨૧/૦૭/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો ) | લાગુ પડતી નથી. |

JUDGMENT

**::આરોપી ની વિગત::**

| આરોપી નું અનુ. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયુ/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમય ગાળો ફો.કા.સંહિતા ની કલમ:૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | મગનભાઈ કોલીયાભાઈ ઉકડીયાભાઈ વસાવા | ૨૫/૦૫/૨૧ | ૧૧/૧૦/૧૮ | ભા.દં.સંહિતા ૪૦૬,૪૦૯, ૪૨૦,૪૬૫, ૪૬૭, ૪૬૮,૪૭૧ ૧૨૦(બી), ૧૧૪ મુજબ | નિદોષ છોડયુ | નથી | નથી |

**::નમૂનો ક::**

**ફરિયાદી /બચાવ /ન્યાયાલયના સાક્ષીની યાદી**

**અ.ફરિયાદપક્ષ**

| અનુ ક્ર. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ.સ.૧ | ભીખાભાઈ શંકરભાઈ વસાવાની જુબાની | પંચ સાહેદ |
| ફ.સ.૨ | પાંચીયાભાઈ રવજીભાઈ વસાવાની જુબાની | પંચ સાહેદ |
| ફ.સ.૩ | ભીખાભાઈ શંકરભાઈ વસાવાની જુબાની | પંચ સાહેદ |
| ફ.સ.૪ | પાંચીયાભાઈ રવજીભાઈ વસાવાની જુબાની | પંચ સાહેદ |
| ફ.સ.૫ | કપીલાબેન ગોરધનભાઈ તડવીની જુબાની | ફરીયાદી |
| ફ.સ.૬ | રીતેષકુમાર ઉમંગલાલ દોષીની જુબાની | સાહેદ |
| ફ.સ.૭ | કિર્તીબેન ચીમનભાઈ પટેલની જુબાની | સાહેદ |
| ફ.સ.૮ | ભારતીબેન રજનીસીંગ વસાવાની જુબાની | સાહેદ |
| ફ.સ.૯ | સુરેન્દ્રસિંહ બાધરસિંહ ગોહીલની જુબાની | સાહેદ |
| ફ.સ.૧૦ | ગોવીંદભાઈ મીઠાભાઈ વસાવાની જુબાની | સાહેદ |
| ફ.સ.૧૧ | ભદ્રેશભાઈ મનુભાઈ રાઠવાની જુબાની | સાહેદ |
| ફ.સ.૧૨ | વિક્રમભાઈ નારણ ભાઈ રબારીની જુબાની | સાહેદ |
| ફ.સ.૧૩ | સરોજબાળા કાંતીલાલ ગામીતની જુબાની | સાહેદ |

JUDGMENT

| અનુ ક્ર. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| બ.સ.૧ | અ | – |
| બ.સ.૨ | અ | – |

**ક.બચાવ પક્ષ**

| અનુ ક્ર. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ન્યા.સ.૧ | અ | – |
| ન્યા.સ.૨ | અ | – |

નોંધ – ઉપરોકત સાક્ષીના પુરાવાના પ્રકારમાં લાગુ પડતો પુરાવાનો પ્રકાર જેમ કે,નજરે નજર જોનાર સાક્ષી (પ્રત્યક્ષ સાક્ષી), પોલીસ સાક્ષી,નિષ્ણાંત સાક્ષી,તબીબી સાક્ષી,પંચ સાક્ષી,અન્ય સાક્ષી તરીકે સંબોધવું.

**ફરિયાદી /બચાવ /ન્યાયાલયના આંક– ની યાદી**

**અ.ફરિયાદ**

| અનુ ક્ર. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | આંક ફ–૧/ફ.સ.૧ આંક–૧૨ | અસલ પંચનામું |
| ૨. | આંક ફ–૨/ફ.સ.૨ આંક–૩૩ | ફરીયાદ |
| | આંક ફ–૧/ફ.સ.૧ આંક–૧૫,૧૬ | કુદરતી લખાણના નમુના અંગેના પંચનામું |

**બ.બચાવ**

| અનુ ક્ર. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | આંક ફ–૧/ફ.સ.૧ – | – |
| ૨. | આંક ફ–૨/ફ.સ.૨ – | – |

**ક.ન્યાયાલય આંક**

| અનુ ક્ર. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | આંક ફ–૧/ફ.સ.૧ – | – |
| ૨. | આંક ફ–૨/ફ.સ.૨ – | |

**ડ.ભૌતિક પદાર્થ:**

| અનુ ક્ર. | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | ભૌ.પ.૧ – | – |
| ૨. | ભૌ.પ.૨ – | – |

JUDGMENT

**// ઠરાવ //**

૦૧) સદર કેસ એફ.આઈ.આર.ગુ.રજી.નં.૧૧૧૯૯૦૫૦૨૦૦૭૪૧/૨૦૨૦ , તા.૦૨/૦૧/૨૦૨૦, પો.સ્ટે.વાલીયા, તા.વાલીયા, જી.ભરૂચના પોલીસ ઈન્સ્પેકટર ધ્વારા ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની (ટુંકમાં ઈ.પી.કો.) કલમ– ૪૦૬,૪૦૯, ૪૨૦,૪૬૫, ૪૬૭, ૪૬૮,૪૭૧,૧૨૦(બી), ૧૧૪ મુજબ મોકલવામાં આવેલ છે.

૦૨) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી કિરીટસિંહ મહિડા તથા મગનભાઈ વસાવાનાઓએ ભેગા મળી જે તે સમયના બેંક ઓફ બરોડા શાખા ભાલોદના અધિકારી તેમજ કર્મચારી સાથે એકબીજાના મેળાપીપણાથી પુર્વ આયોજીત કાવતરુ રચી ટ્રેકટરની લોન લેવાના બહાને બીજી લોનના કાગળોમાં ફરીયાદી તથા સાહેદોને વિશ્વાસમાં લઈ પ્રથમથી સહીઓ તથા અંગુઠાઓ કરાવી જામીનદારોની ખોટી સહીઓ કરી દસ્તાવેજો સાથે ચેડા કરી ખોટા દસ્તાવેજો ઉભા કરી તેનો ખરા તરીકે ઉપયોગ કરી ફરીયાદી તથા સાહેદની જાણ બહાર રૂપિયા ૮,૦૦,૦૦૦/– ની લોન લઈ મંજુર કરાવેલ લોનના રૂપિયા આરોપી મગભાઈ વસાવાના બેંક એકાઉન્ટમાં જમા કરાવી રૂપિયા ઉપાડી, પચાવી પાડી છેતરપીંડી કરી, ઈ.પી.કો. કલમ–૪૦૬, ૪૦૯, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી), ૧૧૪ મુજબ નો ગુનો કર્યા તે વિગેરેની ફરીયાદ આવતા પોલીસ અધિકારી એ કેસ નોંધી અને તપાસ માટે તપાસ અધિકારીને કેસ આપવામાં આવતા તપાસ કરનાર અધિકારીએ વિવિધ પંચનામાંઓ ભારતીય કાર્યરીતી સંહિતાની કલમ–૧૬૧ મુજબ સાહેદોના નિવેદનો અને સંબંધિત મુદ્દામાલ કબજે કરેલ. તપાસના અંતે તેઓની સામે ગુનો બન્યાનું જણાતા અદાલત સમક્ષ ઈન્સાફી કાર્યવાહી સારૂ ઈ. પી. કો. ક.– ૪૦૬, ૪૦૯, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી), ૧૧૪ મુજબનાં ગુનાનુ ચાર્જશીટ રજુ કરેલુ છે.

**૦૩)** આ કામના આરોપી સામે ઈ. પી. કો. ક.– ૪૦૬,૪૦૯,૪૨૦,૪૬૫, ૪૬૭, ૪૬૮,૪૭૧,૧૨૦(બી), ૧૧૪ મુજબ નાં ગુનાનું ચાર્જશીટ કરેલ છે. ત્યારબાદ સદર કામના આરોપીને સમન્સ બજતા આરોપી ના.કોર્ટ સમક્ષ હાજર થતાં તેમને પોલીસ તપાસનાં કાગળોની નકલો સી.આર. પી.સી.ની કલમ–૨૦૭ મુજબ વિના મુલ્યે પુરી પાડયાની ખાત્રી કરેલ અને સદર ગુના અંગેનુ **તહોમતનામું આંક–૦૫ થી** ફરમાવી આરોપીની **પ્લી યાને સ્ટેટમેન્ટ આંક–૦૬ થી** લેવામાં આવેલ છે અને જેમા આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ છે જેથી ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી છે.

**૦૪)** ફરિયાદપક્ષે પોતાનો પુરાવો પૂર્ણ થયાનું જાહેર કરેલ છે. આ કામે આરોપીઓ વિરુધ્ધ ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવામા આવેલ છે જેમા તેઓએ કોઈ ગુનો કરેલ ન હોવાનુ જણાવી તેઓને નિદોર્ષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**૦૫)** ત્યારબાદ સદરહુ કામે ફરિયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી. ની મૌખીક દલીલો સાંભળવામા આવેલ છે અને બાદમાં આરોપી તર્ફે વિ.વ.શ્રીએ મૌખીક દલીલો કરેલ છે તે પણ સાંભળવામા આવેલ છે.

**૦૬)** આ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

| | |
|---|---|
| **મુદ્દા નં.૧)** | શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી કિરીટસિંહ મહિડા તથા મગનભાઈ વસાવાનાઓએ ભેગા મળી જે તે સમયના બેંક ઓફ કરોડા શાખા ભાલોદના અધિકારી તેમજ કર્મચારી સાથે એકબીજાના મેળાપીપણાથી પુર્વ આયોજીત કાવતરુ રચી ટ્રેકટરની લોન લેવાના બહાને બીજી લોનના કાગળોમાં ફરીયાદી તથા સાહેદોને વિશ્વાસમાં લઈ પ્રથમથી સહીઓ તથા અંગુઠાઓ કરાવી જામીનદારોની ખોટી સહીઓ કરી દસ્તાવેજો સાથે ચેડા કરી ખોટા દસ્તાવેજો ઉભા કરી તેનો ખરા તરીકે ઉપયોગ કરી ફરીયાદી તથા સાહેદની જાણ બહાર રૂપિયા ૮,૦૦,૦૦૦/- ની લોન લઈ મંજુર કરાવેલ લોનના રૂપિયા આરોપી મગભાઈ વસાવાના બેંક એકાઉન્ટમાં જમા કરાવી રૂપિયા ઉપાડી, પચાવી પાડી છેતરપીંડી કરી, ભારતીય દંડ સંહિતાની કલમ-૪૦૬,૪૦૯,૪૨૦,૪૬૫, ૪૬૭, ૪૬૮,૪૭૧,૧૨૦(બી), ૧૧૪ મુજબ નો શિક્ષાપાત્ર ગુન્હો કરેલો છે? |
| **મુદ્દા નં.૨)** | છેવટે શું હુકમ ? |

**મુદ્દા.૨. શું હુ ક મ ?**

**૦૭)** ઉપરોકત મુદ્દાઓના મારાં નિર્ણય નીચે મુજબના છે.

મુદ્દા નં.૧ નકારાત્મક.

મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.

**-:: <u>નિર્ણય માટેના કારણો</u> ::-**

**૦૮) <u>મુદ્દા નં.૧ અને ૨.</u>**

આ કામે બંને મુદ્દાઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોવાથી હકીકતોનું પુનરાવર્તન ન થાય અને સરળતા રહે તે હેતુ થી બન્ને મુદ્દાઓની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે.

૦૯) ફરીયાદપક્ષ તરફે **આંક–૧૧ થી પંચ સાહેદ ભીખાભાઈ શંકરભાઈ વસાવા તથા આંક–૧૩ થી પંચ સાહેદ પાંચીયાભાઈ રવજીભાઈ વસાવાને** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમા **આંક–૧૨** થી રજુ પંચનામા માં પોતાની સહી ઓળખી બતાવેલ છે. તે સીવાય બીજુ કશું જાણતા નથી.

સદર પંચ સાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ના હોય વિ.એ.પી.પી. શ્રી નાઓ દ્રારા તેઓને ફરી ગયેલા જાહેર કરી તેમની ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતા ફરીયાદપક્ષને સમર્થન કરતી કોઈ હકીકત બહાર લાવી શકેલ નથી.

બચાવપક્ષના વકીલશ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે,એ વાત ખરી છે કે, તૈયાર પંચનામામાં સહી કરેલી.એ વાત ખરી છે કે, પંચનામાં બાબતે મને કંઈ ખબર નથી.

૧૦) ફરીયાદપક્ષ તરફે **આંક–૧૪ થી પંચ સાહેદ ભીખાભાઈ શંકરભાઈ વસાવા તથા આંક–૧૭ થી પંચ સાહેદ પાંચીયાભાઈ રવજીભાઈ વસાવાને** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમા **આંક–૧૫ તથા આંક–૧૬** થી રજુ પંચનામા માં પોતાની સહી ઓળખી બતાવેલ છે. તે સીવાય બીજુ કશું જાણતા નથી.

સદર પંચ સાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ના હોય વિ.એ.પી.પી. શ્રી નાઓ દ્રારા તેઓને ફરી ગયેલા જાહેર કરી તેમની ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતા ફરીયાદપક્ષને સમર્થન કરતી કોઈ હકીકત બહાર લાવી શકેલ નથી.

બચાવપક્ષના વકીલશ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે,એ વાત ખરી છે કે, તૈયાર પંચનામામાં સહી કરેલી.એ વાત ખરી છે કે, પંચનામાં બાબતે મને કંઈ ખબર નથી.

**૧૧) ફરિયાદપક્ષે આંક-૩૨ થી ફરીયાદી કપીલાબેન ગોરધનભાઈ તડવી નાઓને** સોગંદ પર તપાસવામા આવેલ છે તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે, સને-૨૦૧૦ ના નવેમ્બર મહીનામાં અમો બધા વારસદાર ભાઈઓ ઘરે હાજર હતા. તે સમયે મગનભાઈ કોલીયાભાઈ વસાવા તથા કીરીટસિહ મોતીસિહ મહીડા, તથા બે અજાણ્યા ઈસમો અમારા ઘરે આવેલ હતા અને મારા મોટા ભાઈ નરેશને એવુ જણાવેલ કે, '' **તમારે આટલી બધી જમીન છે તમારી પાસે એક ટ્રેકટર હોવુ જોઈએ અને અમો તમોને ખેતી ઉપર લોન કરાવી ટ્રેકટર અપાવીશુ.**'' મારા ભાઈ નરેશે અમોને જણાવેલકે, '' **આપડે જમીન ઉપર એક લોન કરીને ટ્રેકટર લેવાનુ છે.''** તે સમયે મારી માતાજી માનશીક રીતે બીમાર હતી. મારી પોતાની ઉંમર તે વખતે ૧૭ વર્ષ ની હતી. જેથી મારી મોટી બેન અને મારા ભાઈ એ મંજુરી આપેલી. પછી મગનભાઈ કોલીયાભાઈ વસાવા એ કહેલકે, '' **અમો જયારે બોલાવીએ ત્યારે આવી જશો** ''. ત્યારબાદ થોડા સમય પછી મગનભાઈ કોલીયાભાઈ વસાવા એ તેમના ઘરે વાંદરીયા ગામે બધા વારસદારોને બોલાવેલા. ત્યા આગળ કીરીટસિહ મોતીસિંહ મહીડા પણ હાજર હતા. અને અમો બધા વારસદારોને બેંકના કાગળોમાં સહી તથા અંગુઠા કરાવેલા હતા. અને પાછુ અમોને એવુ જણાવેલકે, ''**અમો જયારે બોલાવીએ ત્યારે આવી જશો''.** ત્યારબાદ થોડાક સમય બાદ અમો ભાલોદ બેંક ઓફ બરોડામાં મગનભાઈ તથા કિરીટસિહં નાઓએ બોલાવેલ હતા. ત્યાં આગળ અમોને બધા વારસદારોની લુશ ચેક ઉપર સહી તથા અંગુઠા કરાવીને બેંકમાથી સાત લાખ રૂપીયા ઉપાડેલા.પછી મગનભાઈ ના કહેવાથી ત્યાં ને ત્યા કિરીટસિંહ ને આપેલા હતા. કિરીટસિંહે અમોને રાજપારડી શિવશકિત ટ્રેર્ડસમાથી, ઈન્ડુ ફાર્મ કંપનીનુ ટ્રેકટર અપાવેલુ.પછી અમે ટ્રેકટર લઈને ઘરે આવેલા.અને ત્યારબાદ અમો ટ્રેકટર ના થોડાક હપ્તા ચુક ગયેલા જે પાછળ થી અમોએ ભરી દીધેલા. ત્યારબાદ સને-૨૦૧૬ ની સાલમાં બેંકમાથી નોટીશ આવેલી અને તે વખતે અમને લાગેલકે, સાત લાખ રૂપીયા ની લોન બાબતે નોટીશ આવેલ હશે. અને બાદમાં જમીનમાં બોર કુવો બનાવવા વીજ કનેકશન લેવા જમીનના ૭/૧૨ ના ઉતારા બાબતે મામલતદાર કચેરી એ જતાં ત્યાં

જાણવા મળેલકે, <u>અરેઠી ગામે જુના સર્વે નંબર–૮૩ અને શાકવા ગામે જુના સર્વે નંબર–૩૮ જે જમીનો ઉપર બે બોજા ચઢેલ છે.</u> બાદ હુ ઘરે આવીને મારા ભાઈને અને બહેન ને પુછેલ કે, બોજા બાબતે તમે કોઈ જાણો છો તો તે લોકો પણ ને આ લોન બાબતે જાણમાં નથી. જેથી અમો ભાલોદ બેંકમા ગયેલા ત્યાં જઈને પુછેલ કે, આ બીજી લોન કયારે થયેલછે. તો મેનેજર સાહેબે અમોને જણાવેલકે, સને–૨૦૧૦ ની સાલમાં , રૂપીયા સાત લાખની લોન અને સને–૨૦૧૨ મા આઠ લાખ રૂપીયા ની લોન થયેલછે. જેથી અમોને જાણવા મળેલકે, મગનભાઈ કોલીયાભાઈ વસાવા અને કીરીટસિંહ મહીડા નાઓએ જયારે અમોએ સાત લાખની લોન લીધેલ તે વખતે વધારે બેંક કાગળોમા સહીઓ લઈ અને પાછળથી આઠ લાખની લોન લઈ અને તેઓએ વાપરેલ છે. બાદમાં અમોએ પોલીસ સ્ટેશનમા ફરીયાદ આપેલ. પોલીસ મા જે ફરીયાદ આપેલી તે ફરીયાદ મને આજરોજ બતાવવામાં આવેછે તે જોઈને કહુછુ કે તેમાં મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ. જે રજુ દાખલ આંક–૩૩ આપવામાં આવેછે. આરોપી ને જોયેથી હુ ઓળખુ છુ આજરોજ કોર્ટમા હાજર છે તે જ છે.

બચાવપક્ષ તરફે કરવામા આવેલી **ઉલટ તપાસમા તેઓ એ વાતનો સ્વીકાર કરેલ છે કે,** મગનભાઈ મારા ઘરે કઈ તારીખે આવેલા તે તારીખ મને હાલ યાદ નથી.

સવાલ: મગનભાઈ તમારા ઘરે આવેલા તે વખતે તમો ઘરે હાજર હતા ?

જવાબ: હુ હાજર હતી.

સવાલ: તમે કેટલો ભણેલા છો ?

જવાબ: પોસ્ટ ગ્રેજયુએટ સુધી અભ્યાસ કરેલછે.

સવાલ: પોલીસમા તમે કઈ સાલમાં નોકરી મેળવેલી ?

જવાબ: સને–૨૦૧૬ મા મેળવેલી.

તે વાત ખરી છે કે, કેહવાતી ફરીયાદ સને–૨૦૨૦ મા મે આપેલી તે વખતે હુ વાલીયા પોલીસ સ્ટેશનમાં નોકરી કરતી હતી.

સવાલ: તમે કહેવાતી ફરીયાદ કઈ તારીખે આપેલી હતી ?

જવાબ: ૨/૧૦/૨૦૨૦ ના રોજ આપેલી હતી.

સવાલ: તમે વાંદરીયા મુકામે જે જે ડોકયુમેન્ટમાં સહી કરેલી તે ડોકયુમેન્ટની

તમોને જાણ તો હશે ?

જવાબ: બેંક ના કાગળોની આગળ ચોકડી મારેલી તે જગ્યાએ સહી કરવાનુ કહેતા મે સહી કરેલી.

તે વાત ખરી છે કે, મે જે ડોકયુમેન્ટમા સહી કરેલી તે ડોકયુમેન્ટમા શું લખેલ તેનો અભ્યાસ મે કરેલો નથી. તે વાત ખરી છે કે, અરેઠી થી ભાલોદ આશરે ૭૫ કીલોમીટર દુર આવેલુ છે.

સવાલ: ભાલોદ મુકામે બેક ઓફ બરોડામાં કોના નામે ખાતુ ખોલાવેલુ હતુ ?

જવાબ: ગીતાબેન ના નામે ખાતુ ખોલાવેલુ હતુ.

સવાલ: બેક ખાતુ ખોલાવવા તમારી પાસે કોઈ સંમતી બેક ઓફ બરોડાના મેનેજરે લીધી હોય તેવુ બનેલુ હતુ ?

જવાબ: સંમતી લીધેલ નથી.

તે વાત ની મને ખબર નથી કે, જયારે તકીયામા પક્ષકારો વધારે હોય અને બેકમા સમતી આપવી હોય તો બધાની નોટરી સમક્ષ સહી લઈને બેકમાં આપેલી. તે વાત ખરી છે કે, અમારી સાત લાખ રૂપીયાની લોનની રકમ અમોને આપવામા આવેલી હતી. તેવા તની મને યાદ નથી કે, અમોએ બેકમાથી સાત લાખ રૂપીયા કઈ તારીખે ઉપાડેલા. સાહેદ જણાવેછેકે, સાલ યાદ છે સને–૨૦૧૦ માં.

સવાલ: કાશીરામભાઈ હયાત છે ?

જવાબ: તે કયા છે તે અમોને ખબર નથી અને તે કોઈને કહયા વગર કઈક જતા રહેલા છે.

તે વાત ની મને ખબર નથી કે, કાશીરામભાઈ વાડી મુકામે રહેછે. તે વાત ખરી છે કે, મારી ફરીયાદમાં ફરીયાદ મોડી આપવાનુ કારણ જણાવેલ નથી.

**૧૨) ફરિયાદપક્ષે આંક–૪ર થી સાહેદ રીતેષકુમાર ઉમંગલાલ દોષી નાઓને** સોગંદ પર તપાસવામા આવેલ છે તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે,મગનભાઈ મારી પાસે પ્રિન્ટીગ કામ કરાવવા મારી પાસે આવતા હતા. તે સમયે મારી પાસે બીલબુક છપાવી હશે ત્યારબાદ તેનો શુ ઉપયોગ થયો તેની મને માહીતી નથી. અને મારે બીલબુક સાથે લેવા દેવા નથી.આ સિવાય મારી પાસે મગનભાઈ ટાઈપીગ

કરાવતા હતા તે સમય તેઓ સરપંચ હતા. પોલીસે મારો જવાબ લીધેલો.

બચાવપક્ષ તરફે કરવામા આવેલી **ઉલટ તપાસમા તેઓ એ વાતનો સ્વીકાર કરેલ છે કે,**સવાલ: આ કામે તમે કિરીટસિહ મોતીસિહ મહીડાના નામે બીલબુક છાપેલી ?
જવાબ: તે યાદ નથી. પરતું મગનભાઈ મારી પાસે આવેલા હતા.

સવાલ: આ કામે તમે મગનભાઈ કોલીયાભાઈ ના નામે કોઈ બીલ બુક છાપી હોય તેવુ બનેલુ ?

જવાબ: છપાવેલા માટે તેઓ આવેલા અને તેઓના નામે છાપેલી તેવુ યાદ છે.

તે વાત ખરી છે કે, હુ લેટર પેડ અને પ્રિન્ટીંગ પ્રેસ નુ કામ કરો છો. તે વાત ખરી છે કે, મારે ત્યા ઘણાબધા લોકો બીલ બુક છપાવવા આવે જેથી તેઓ એ શું છપાવેલ તે મને ખબર પડે નહી.

સવાલ: આ બીલબુક કયા પ્રકારની હતી અને તેમા શુ લખેલુ હતુ તે હુ આજરોજ હુ કહી શકુ નહી ?

જવાબ: સાચી વાત છે.

**૧૩) ફરિયાદપક્ષે આંક-૪૧ થી સાહેદ કિર્તીકાબેન ચીમનભાઈ પટેલનાઓને** સોગંદ પર તપાસવામા આવેલ છે તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે,તા.૨૨/૦૫/૨૦૨૧ ના રોજ મને વાલીયા પો.સ્ટે.માંથી સી.આર.પી.સી. કલમ-૧૬૦ મુજબના સમન્સ પાઠવતા અમો હાજર થતાં અમોને સદરહુ ફરીયાદ બાબતે જાણ કરતાં અમોએ અમારો જવાબ લખાવેલો તેમાં અમોએ મોજે ગામ અરેઠી, તા.વાલીયાના ખાતેદાર ગીતાબેન ગોરધનભાઈ તડવી વિગેરેના ખાતા નંબર-૪૦ સર્વે નંબર ૮૩-હેકટર, આર. એ. ચો.મી. ૪-૪૪-૦૦ આકાર ૯.૧૦ તથા મોજે ગામ-સાકવાની ખાતા નંબર-૯ સર્વે નંબર-૩૮ વાળી હે.આર.ચોમી.-૨-૫૮-૦૦ આકાર ૫.૩૦ વાળી ખેતીની જમીનનું અમોએ તા.૩૦/૧૦/૨૦૧૦ ના રોજનુ ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપેલુ જે સર્ટીફીકેટ અમોએ અમારી પાસે રજૂ થયેલા ૦૭/૧૨, ૦૮(અ) તથા ૬ નંબરના

હકકપત્રક અસલ રજૂ થયેલા જે આધારે આપેલુ. સદર ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ અંગે અમોએ તા.ર૯/૧૦/ર૦૧૦ ના રોજ સબ રજીસ્ટ્રાર કચેરીનો સર્ચ રસીદ પણ મેળવેલી. જે રસીદો ઝગડીયા ની હતી. મારી પાસે રજૂ થયેલા ૦૭/૧ર ના બીજા હકકમાં કોઈ પણ પ્રકારનો બોજો નોંધાયેલો ન હતો. સદર સર્ટીફીકેટ અમોએ મારી પાસે રજૂ થયેલા દસ્તાવેજો આધારે અમોએ આપેલુ છે જે બરાબર છે. સટીસ્ફીકેટ કોણ લેવા આવેલુ તે મને હાલ યાદ નથી. સાહેદ જણાવે છે કે, ઘણો સમય થયેલો છે માટે. અમો બેંક ઓફ બરોડા સિવાય સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, બરોડા ગુજરાત ગ્રામીણ બેંક તેમજ બેંક ઓફ ઈન્ડીયામાં પણ પેનલ એડવોકેટ છીએ જેથી સદર ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ લેવા માટે મારી પાસે કોણ આવેલુ તે હું હાલ કહી શકુ નહી.

બચાવપક્ષ તરફે કરવામા આવેલી **ઉલટ તપાસમા તેઓ એ વાતનો સ્વીકાર કરેલ છે કે,**

સવાલ : તમે કેટલા વર્ષના રેવન્યુ રેકર્ડ ઘ્યાને લઈને ટાઈટલ કલીયર સર્ટીફીકેટ કાઢી આપો છો ?

જવાબ : ગામ નમૂના નંબર–૦૭/૧ર લેટેસ્ટ હોય અને નમૂના નંબર–૬ હકક પત્રક તમામ વર્ષના લેવામાં આવે છે.

એ વાત ખરી છે કે, જે વ્યકિતને લોન લેવાની હોય તે વ્યકિત અમારી પાસે ટાઈટલ કલીયર સર્ટીફીકેટ લેવા આવે છે. સાહેદ જણાવે છે કે, સગા વહાલા કે ઓળખીતા આવે તો પણ અમે ટાઈટલ કલીયર સર્ટીફીકેટ આપીએ છીએ.

સવાલ :આ ટાઈટલ કલીયર સર્ટીફીકેટ તમે કોના નામનુ ઈશ્યુ કરેલુ?

જવાબ :ગીતાબેન ગોરઘનભાઈ તડવી વિગેરેના નામનુ ઈશ્યુ કરેલુ.

એ વાત ખરી છે કે, આ કામે મે ટાઈટલ કલીયર સર્ટીફીકેટ ઈશ્યુ કર્યા સિવાય બીજી કોઈ કામગીરી કરેલી નહી.

**૧૪) ફરિયાદપક્ષે આંક–૪૪ થી સાહેદ ભારતીબેન રજનીસીંગ વસાવાનાઓને** સોગંદ પર તપાસવામા આવેલ છે તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે, બનાવ સને–૨૦૧૦ અને સને–૨૦૧૨ મા બનેલો. અમારા ખેતર સવે ન.૮૩ અરેઠી ગામ તથા સાકવા ગામે સવે ન.૩૮ જમીન ઉપર ટ્રેકટર લેવા લોન લીધેલી. આ લોન મગનભાઈ અને કરીટભાઈ નાઓએ જણાવેલકે, ઘણીબઘી જમીન હોય તમને ટ્રેકટર લેવા લોન થી અપાવીએ.અને આ લોકો એ અમારી પાસે બે લોનો કરાવી લીધેલ. કેટલાની લોન કરાવી તેની ખબર નથી. આમા અમોએ એકજ લોન માગી હતી બીજી લોનની અમને ખબર ન હતી. મારી નાની બેન કપીલાબેને લાઈટ કનેકશન માટે ઓફીસ ગયેલ હતી તે વખતે ખેતર મા બોજો છે તેવુ જાણવા મળેલ. એક સાત લાખ રૂપીયા અને બીજા ખેતર મા આઠ રૂપીયા નો બોજો જાણેલ. લોન વાળુ ટ્રેકટર અમાર ઘરે રહેતુ ન હતુ અને મગનભાઈ ના ઘરે રહેતુ હતુ. અને તેઓએ જણાવેલકે, આ લોનના હપ્તા અમે ભરીશુ. અને અમને એકપણ હપ્તાની રસીદ બતાવેલ નહી. આ લોનોમા એક રૂપીયો પણ જોયેલો નથી. મગનભાઈ એ સહી કરાવીને તેઓના ઘરે લોન બાબતે સહી ઓ અમારી કરાવેલી. સહીઓમાં અમે નરેશભાઈ ,કાશીરામભાઈ , કપીલાબેન અને હુ પોતે કરેલી અને જે ટ્રેકટર માટે કરેલી. પોલીસે આ બાબતે મારો જવાબ લીધેલો. મગનભાઈ કોર્ટમા હાજર છે તે જ છે.

બચાવપક્ષ તરફે કરવામા આવેલી **ઉલટ તપાસમા તેઓ એ વાતનો સ્વીકાર કરેલ છે કે,**

તે વાત ખરી છે કે, આ મગનભાઈ મારા ઘરે આવતા હતા જેથી હુ ઓળખુ છુ.

સવાલ: તમારે મગનભાઈ ના ઘરે કેટલા વખત આવવાનુ થયેલુ.?

જવાબ: એકજ વખત આવેલા.

સવાલ: સહીઓ શાની હતી અને શા બાબતની હતી તે તમે વાંચેલુ ?

જવાબ: સહી ટ્રેકટર લેવાની હતી.

સવાલ: અરેઠી અને સાકવા ગામે કેટલી જમીન આવેલીછે. ?

જવાબ: સાકવા મા ૬ એકર ૧૧ ગુંઠા અને અરેઠીમા કેટલી જમીન છે તેની ખબર નથી.

સવાલ: વાદરીચા મુકામે સહી કરેલી પછી તમારે કયા જવાનુ બનેલુ ?

જવાબ: અમોને ત્યારબાદ ભાલોદ લઈ ગયેલા.

સવાલ: તમોને ભાલોદ કઈ જગ્યાએ લઈ ગયેલા ?

જવાબ: ભાલોદ એક ઓફીસમા લઈ ગયેલા અને ત્યા અમારી કોરા ચેકોમા સહીઓ લીધેલી ?

સવાલ: ભાલોદ મુકામે તમે ઓફીસમા ગયેલા તો ત્યા કેટાલ એગ્રીમેન્ટમા સહી કરેલી ?

જવાબ: એગ્રીમેન્ટ એટલે શુ તેની મને ખબર નથી અમને એક ફાઈલ આપેલી તેમા સહીઓ કરેલી.

સવાલ: તમે ભાલોદ ઓફીસ મા ગયેલા પછી કોઈ બેકમા જવાનુ થયેલુ ?

જવાબ: ભાલોદ બેંકમા ગયેલા.

સવાલ: ભાલોદ તમે બેક મેનેજર સામે કોઈ સહીઓ કરેલ તેવુ બનેલુ ?

જવાબ: સહી કરેલી એવુ બનેલ.

સવાલ: તમે કીધુકે સાત લાખ અને આઠ ની લોન કઈ તારીખે અને કઈ જગ્યાએ તમોને આપેલી ?

જવાબ: તે વખતે અમો નાના હતા અમને ખબર નથી.

સવાલ: સાકવા અને અરેઠી મુકામે તમારી જમીનમા કેટલા નામો ચાલતા હતા ?

જવાબ: અરેઠી મુકામે પાંચ નામો અને સાકવા ની જમીનમા ચાર નામો ચાલતા હતા.

તેવાતખરીછેકે, અરેઠી અને સાકવા ગામે જમીનવાળા લોકો અમે એકજ કુંટુબના વ્યકિતઓ છે.

સવાલ: તમે કેટલુ ભણેલા છો ?

જવાબ: હુ સાત ધોરણ ભણેલ છુ.

સવાલ: તમને લખતા વાંચતા આવડેછે. ?

જવાબ: થોડુ થોડુ આવડેછે.

**૧૫) ફરિયાદપક્ષે આંક–૪૮ થી સાહેદ સુરેન્દ્રસિંહ બાધરસિંહ ગોહીલનાઓને** સોગંદ પર તપાસવામા આવેલ છે તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે, હું કેસમાં કશું જાણતો નથી. આ કેસ બાબતે મારે કશું કહેવું નથી.પોલીસે મારો જવાબ લીધેલો નથી.

બચાવપક્ષ તરફે સદર સાહેદની ઉલટ તપાસ કરવામા આવેલ નથી.

**૧૬) ફરિયાદપક્ષે આંક–૪૯ થી સાહેદ ગોવિંદભાઈ મીઠાભાઈ વસાવાનાઓને** સોગંદ પર તપાસવામા આવેલ છે તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે,હું કેસમાં કશું જાણતો નથી.આ કેસ બાબતે મારે કશું કહેવું નથી.પોલીસે મારો જવાબ લીધેલો નથી.

બચાવપક્ષ તરફે સદર સાહેદની ઉલટ તપાસ કરવામા આવેલ નથી.

**૧૭) ફરિયાદપક્ષે આંક–પર થી સાહેદ ભદ્રેશભાઈ મનુભાઈ રાઠવાનાઓને** સોગંદ પર તપાસવામા આવેલ છે તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે,ગઈ તા. ૦૨/૧૦/૨૦૨૦ ના રોજ વાલીયા પો.સ્ટેશનમાં પો.ઈન્સપેકટર તરીકે ફરજ બજાવતો હતો તે દરમ્યાન આ કામના ફરીયાદી કપિલાબેન ડોટર ઓફ ગોરધનભાઈ તડવનાઓએ આ કામના આરોપી કીરીટભાઈ મોતીભાઈ તથા મગનભાઈ કોલીચાભાઈ વસાવાનાઓએ આ કામના ફરીયાદી તેમજ સાહેદોની સાંકવા તેમજ અરેઠી ગામની સીમમાં આવેલ ખેતીલાયક જમીનો ઉપર ટ્રેકટર લેવાના બહાને આ કામના આરોપીઓએ ટ્રેકટરની લોન લેવા માટે તેમજ અન્ય લોનોના કાગળો ઉપર પુર્વ કાવતરુ રચી ફરીયાદી તેમજ સાહેદોની સહીઓ મેળવી ભાલોદ બેંક ઓફ બરોડાના અધિકારી કર્મચારી સાથે મેળાપીપણામાં રહી રૂપિયા આઠ લાખની લોન પાસ કરાવી પચાવી પાડી છેતરપીંડી કરી ગુનો કર્યા અંગેની અમારા રૂબરુની ફરીયાદ લીધેલી મને આજરોજ આંક.33 વાળી અસલ ફરીયાદ મને બતાવવામાં આવે છે જેમાં મારી રૂબરુ ફરીયાદી

કપિલાબેન તડવીની સહી છે જે હુ ઓળખી બતાવુ છુ.ત્યારબાદ આ કામે ગુના રજી. થઈ આગળની તપાસ અમોને સોંપતા અમોએ સંભાળી લીધેલી.તપાસ સંભાળી લઈ આ કામના આરોપી વિરુધ્ધ બેંકમાં યાદી લખી હકીકત મંગાવવા તજવીજ કરેલી તેમજ આ કામના સાહેદોના નિવેદનો મેળવેલ જેમાં નરેશભાઈ ગોરધનભાઈ તડવી,ગીતાબેન ગોરધનભાઈ તડવી તથા ભારતીબેન વસાવાના નિવેદનો લઈ તેમજ આરોપીઓની તપાસ કરેલી તેમજ બેંકમાંથી આવેલ હકીકત કામમાં સામેલ રાખેલી.ત્યારબાદ તા. ૦૨/૧૧/૨૦૨૦ ના રોજ અમારી બદલી થતાં આ ગુનાની તપાસ પો.ઈન્સ.શ્રી.વી.એન.રબારી નાઓને સુપ્રત કરેલી.આરોપીઓને હુ જોયેથી ઓળખી શકુ નહી.મેં આરોપીઓને તપાસ દરમ્યાન જોયેલ નહી.

બચાવપક્ષ તરફે કરવામા આવેલી **ઉલટ તપાસમા તેઓ એ વાતનો સ્વીકાર કરેલ છે કે,** એવાત ખરી છેકે, આ ગુનાના કામે મેં સાક્ષીઓના નિવેદનો લીધા છે.

સવાલ: પી.એસ.ઓ.એ તમોને આ ગુનાની તપાસનો હુકમ કઈ તારીખે સોંપેલો?

જવાબ: તા. ૦૨/૧૦/૨૦૨૦.

સવાલ: સદર ગુનાની તપાસ કઈ તારીખે તમોએ કરેલી?

જવાબ: તા. ૦૩/૧૦/૨૦૨૦ થી કરેલી.

સવાલ: તમે આ તપાસ દરમ્યાન ફરીયાદીને સાથે રાખેલા હોય તેવુ બનેલુ?

જવાબ: હાજી.

સવાલ: તમારે તપાસના કામે ભાલોદ બેંક ઓફ બરોડામાં જવાનુ થયેલુ?

જવાબ: હા જી.

સવાલ: તમે ભાલોદ બેંક ઓફ બરોડામાંથી કોઈ કાગળીયા મેળવીને તપાસના કામે રજુ કરેલા છે?

જવાબ: આ કામે અમો તા. ૦૪/૧૦/૨૦૨૦ ના રોજ ભાલોદ બેક ઓફ બરોડાને આ કામના આરોપી મગનભાઈ કોલીયાભાઈ વસાવાનાઓના બેંક એકાઉન્ટ તેમજ ડી.ડી.ની

હકીકત મેળવવા યાદી પાઠવેલ હતી. મારી તપાસ દરમ્યાન મેં કોઈ કાગળો ચાર્જશીટના કામે રજુ કરેલા નથી.

સવાલ: ભાલોદ બેંક ઓફ બરોડામાં કોણે લોન લીધેલી તે બાબતની તમોને ખબર છે?

જવાબ: ના, જી.

સવાલ:તમારી તપાસ દરમ્યાન કોના ખાતાથી આ લોન લીધેલી તેની તમને ખબર છે?

જવાબ: ના,જી.

સવાલ:ભાલોદ બેંક ઓફ બરોડામાં કયા સર્વે નંબર થી તથા કયા ખાતા નંબરથી તથા કેટલા હેકટર જમીનથી લોન લીધેલી તેની તમને ખબર છે?

જવાબ: સર્વે નંબર ૮૩ તેમજ ૩૮વાળી થી ખાતા નંબર ખબર નથી તથા હેકટર હતુ તેની મને ખબર નથી.

સવાલ: બીજા કયા ગામની સીમની જમીન માટે લોન લીધેલી તેની ખબર છે?

જવાબ: ના,જી.

એવાત ખરી નથીકે, મેં આ કામે સાહેદોના નિવેદનો ખોટા લીધેલા છે અને ખોટી તપાસ કરેલી છે અને તે તપાસને સમર્થન કરવા હાલની ખોટી જુબાની સોંગદ પર આપુ છુ.

**૧૮) ફરિયાદપક્ષે આંક-૬૦ થી સાહેદ વિક્રમભાઈ નારણભાઈ રબારીનાઓને** સોગંદ પર તપાસવામા આવેલ છે તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે, બનાવ સમયે અમો વાલીયા પો.સ્ટે.પી.આઈ. શ્રી. તરીકે ફરજ ઉપર હાજર હતા તે દરમ્યાન વાલીયા પો.સ્ટે. ફર્સ્ટ ગુના રજી નંબર-××××× ૦૭૪૧/૨૦૨૦ ના કામે અગાઉના ત.ક.અમલદાર શ્રી પી. આઈ. બી. એમ. રાઠવાનાઓ પાસેથી તેઓની બદલી થતાં અમોઓ તપાસ સંભાળી લઈ આ કામે તા. ૧૪/૧૨/૨૦૨૦ ના રોજ આરોપીએ લોન લેતી વખતે તૈયાર કરેલ કાગળોમાં જામીનદાર તરીકે સુરેન્દ્રસિંહ ઉર્ફે અર્જુનસિંહ બાધરસિંહ ગોહીલની ખોટી સહી કરેલ હોય જે અંગે સુરેન્દ્રસિંહ ગોહીલના સહીના નમુના પંચો રૂબરુ મેળવી વિગતવારનુ પંચનામુ કરેલ જે આંક-૧૫

વાળા પંચનામામાં મારી રૂબરુ પંચોની સહી છે જે હુ ઓળખુ છુ અને આ કામે જામીનદાર તરીકે સુરેન્દ્રસિંહ ઉર્ફે અર્જુનસિંહ બાઘરસિંહ ગોહીલનાઓની તા. ૦૫/૧૧/૨૦૨૦ ના રોજ નિવેદન લઈ તા.૧૫/૧૨/૨૦૨૦ ના રોજ ઈ. પી. કો. કલમ ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ નાઓના ઉમેરા માટે નામદાર કોર્ટમાં રીપોર્ટ કરેલ અને સરદ રીપોર્ટ મંજુર થયેલ અને ભાલોડ શાખા બેંક ઓફ બરોડામાં બેંક સ્ટાફની માહીતી માટે રીપોર્ટ કરેલ અને ત્યારબાદ અમારી બદલી અંકલેશ્વર સી. ટી. પો. સ્ટે. થતાં આગળની તપાસ પી.આઈ.શ્રી. એસ.કે.ગામીત નાઓએ સંભાળેલ.

બચાવપક્ષ તરફે કરવામા આવેલી **ઉલટ તપાસમા તેઓ એ વાતનો સ્વીકાર કરેલ છે કે,** એવાત ખરી છેકે, એવાત ખરી છે કે,આ કામે સુરેન્દ્રસિંહ ઉર્ફે અર્જુનસિંહ બાઘરસિંહ ગોહીલનાઓનો જવાબ લીધેલ. એવાત ખરી છેકે,અમોએ અમારી તપાસ દરમ્યાન સુરેન્દ્રસિંહ ઉર્ફે અર્જુનસિંહ બાઘરસિંહ ગોહીલનાઓની સહી એફ.એસ.એલ.માં મોકલાવેલનથી.એવાત ખરી છેકે, જે જામીનદાર હોય તેમના નામનો જ પુરાવો આઘાર કાર્ડ કે ચુંટણી કાર્ડ હોય છે.એવાત ખરી છેકે, જામીનગીરી બાબતે જામીનદાર વગર કોઈપણ વસ્તુ થઈ શકે નહી.

૧૯) **ફરિયાદપક્ષે આંક-૬૫ થી સાહેદ સરોજબાળા કાંતીલાલ ગામીતનાઓને** સોગંદ પર તપાસવામા આવેલ છે તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે, બનાવ સમયે અમો વાલીયા પો.સ્ટે.પી.આઈ. શ્રી. તરીકે ફરજ ઉપર હાજર હતા તે દરમ્યાન વાલીયા પો.સ્ટે. ફર્સ્ટ ગુના રજી નંબર××××× ૦૭૪૧/૨૦૨૦ના કામે અગાઉના ત.ક.અમલદાર શ્રી વી.અને.રબારીનાઓ પાસેથી તેઓની બદલી થતાં અમોઓ તપાસ સંભાળી લઈ આ કામે તા. ૨૫/૦૫/૨૦૨૧ ના રોજ આરોપી મગનભાઈ કોલીયાભાઈ વસાવાનાઓને આ કામે અટક કરી અટક અંગેનું પંચનામું પંચો રૂબરુ કરેલ જે આંક-૧૫ વાળુ પંચનામામાં મારી રૂબરુ પંચોની સહીઓ છે જે હું ઓળખી બતાવુ છુ. અને આરોપીને તા. ૨૫/૦૫/૨૦૨૧ ના રોજ નિવેદન લીધેલ અને સમયમર્યાદામાં નામદાર કોર્ટમા રજુ કરી

આગળની કાયેદસરની કાર્યવાહી કરી તેમજ આરોપીના હસ્તાક્ષર તેમજ કુદરતી લખાણના નમુના લઈ તે અંગેનુ પંચનામુ જે આંક–૧૬ વાળુ પંચનામામાં મારી રૂબરુ પંચોની સહીઓ છે જે હું ઓળખી બતાવુ છુ. કરેલ તેમજ તા. ૨૯/૦૭/૨૦૨૧ ના રોજ ફરીયાદી  તેમજ સાહેદો તથા જામીનદારનાઓના સહી અંગુઠા તેમજ કુદરતી લખાણના નમુના લઈ તે અંગેનુ વિગતવારનું પંચનામુ પંચો રૂબરુ કરેલ. જે આંક–૧૬ વાળા પંચનામામાં મારી રૂબરૂ પંચોની સહીઓ છે જે હું ઓળખી બતાવું છું.ત્યારબાદ આ કામના સાહેદ તા.૨૨/૦૫/૨૦૨૧ ના રોજ ર્કિતીકાબેન ચીમનભાઈ પટેલ, તા.૨૯/૦૭/૨૦૨૧ ના રોજ ગોંવિદભાઈ મીઠાભાઈ વસાવા તથા તા.૧૭/૦૭/૨૦૨૧ ના રોજ સાહેદ વિજયકુમાર ઈટવરીલાલ જાતવનાઓના નિવેદનો લીધેલા અને તપાસ દરમ્યાન આ કામના અસલ કાગળો ડી.આર.ટી. કોર્ટ અમદાવાદ મુકામે હોય તે કાગળો મેળવવા સારૂ મુદામ પોલીસ કર્મચારી મોકલેલ પરંતુ ડી.આર.ટી. કોર્ટમા કેસ ચાલેલ હોય અસલ કાગળો મળેલ નહી  અને હાલમાં પણ આ કેસ ડી.આર.ટી. કોર્ટમા ચાલુ છે જેથી સદર કાગળો એફ.એસ.એલ. માં મોકલી શકેલ નથી અને આ કામે આરોપી મગનભાઈ કોલીચાભાઈ વસાવાનાઓ વિરુધ્ધ નામદાર કોર્ટમા ચાર્જશીટ કરેલ અને સદર ચાર્જશીટમાં કોલમ નંબર –૧૨ માં આરોપી કિરીટસિંહ મોતીસિંહ મહીડા નાઓને પકડવાના બાકી હોય આરોપનામુ નહી ઘડવામાં આવેલની વિગત જણાવેલ. આરોપી મગનભાઈ કોલીચાભાઈ વસાવાનાઓને જોયેથી ઓળખી શકુ.

બચાવપક્ષ તરફે કરવામા આવેલી ઉલટ તપાસમા તેઓ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, એવાત ખરી છેકે,આ કામે અમોએ ફક્ત ત્રણ સાહેદ ર્કિતીકાબેન,ગોંવિદભાઈ અને વિજયકુમારના નિવેદનો લઈ સાહેદો તથા આરોપીના હસ્તાક્ષર અને કુદરતી લખાણના નમુના લઈ તે અંગેનુ વિગતવારના પંચનામા કરી આરોપી  મગનભાઈ કોલીચાભાઈ વસાવાને અટક કર્યા સિવાય અન્ય કોઈ કાર્યવાહી કરેલ નહી.

## ૨૦) <u>પુરાવાનું મુલ્યાંકન ::–</u>

**ફરીયાદપક્ષનો સદર પુરાવાઓનુ મુલ્યાંકન કરતા પહેલા આ અદાલતને નામદાર સુપ્રિમ કોર્ટના નીચેના ચુકાદામા પુરાવા ના મુલ્યાંકન અંગે પ્રસ્થાપિત કરેલા સિધ્ધાતો ધ્યાને લેવા જરૂરી જણાય છે.**

2023 (0) AIJEL-SC 70719, Balu Sudam

Khalde Versus State Of Maharashtra,

Decided on:- 29-03-2023.

**APPRECIATION OF ORAL EVIDENCE**

**25.** The appreciation of **ocular** evidence is a hard task. There is no fixed or straight-jacket formula for appreciation of the ocular evidence. The judicially evolved principles for appreciation of ocular evidence in a criminal case can be enumerated as under :

**I** While appreciating the evidence of a witness, the approach must be whether the evidence of the witness read as a whole appears to have a ring of truth. Once that impression is formed, it is undoubtedly necessary for the Court to scrutinize the evidence more particularly keeping in view the deficiencies, drawbacks and infirmities pointed out in the evidence as a whole and evaluate them to find out whether it is against the general tenor of the evidence given by the witness and whether the earlier evaluation of the evidence is shaken

as to render it unworthy of belief.

**II** If the Court before whom the witness gives evidence had the opportunity to form the opinion about the general tenor of evidence given by the witness, the appellate court which had not this benefit will have to attach due weight to the appreciation of evidence by the trial Court and unless there are reasons weighty and formidable it

would not be proper to reject the evidence on the ground of minor variations or infirmities in the matter of trivial details.

**III** When eye-witness is examined at length it is quite possible for him to make some discrepancies. But courts should bear in mind that it is only when discrepancies in the evidence of a witness are so incompatible with the credibility of his version that the Court is justified in jettisoning his evidence.

**IV** Minor discrepancies on trivial matters not touching the core of the case, hyper technical approach by taking sentences torn out of context here or there from the evidence, attaching importance to some technical error committed by the investigating officer not going to the root of the matter would not ordinarily permit rejection of the evidence as a whole.

**V** Too serious a view to be adopted on mere variations falling in the narration of an incident (either as between the evidence of two witnesses or as between two statements of the same witness) is an unrealistic approach for judicial scrutiny.

**VI** By and large a witness cannot be expected to possess a photographic memory and to recall the details of an incident. It is not as if a video tape is replayed on the mental screen.

**VII** Ordinarily it so happens that a witness is overtaken by events. The witness could not have anticipated the occurrence which so often has an element of surprise. The mental faculties therefore cannot be expected to be attuned to absorb the details.

**VIII** The powers of observation differ from person to person. What one may notice, another may not. An object

or movement might emboss its image on one person's mind whereas it might go unnoticed on the part of another.

**IX** By and large people cannot accurately recall a conversation and reproduce the very words used by them or heard by them. They can only recall the main purport of the conversation. It is unrealistic to expect a witness

to be a human tape recorder.

**X** In regard to exact time of an incident, or the time duration of an occurrence, usually, people make their estimates by guess work on the spur of the moment at the time of interrogation. And one cannot expect people to make very precise or reliable estimates in such matters.

Again, it depends on the time-sense of individuals which varies from person to person.

**XI** Ordinarily a witness cannot be expected to recall accurately the sequence of events which take place in rapid succession or in a short time span. A witness is liable to get confused, or mixed up when interrogated later on.

**XII** A witness, though wholly truthful, is liable to be overawed by the court atmosphere and the piercing cross examination by counsel and out of nervousness mix up facts, get confused regarding sequence of events, or fill up details from imagination on the spur of the moment. The subconscious mind of the witness sometimes so operates on account of the fear of looking foolish or being disbelieved though the witness is giving a truthful and honest account of the occurrence witnessed by him.

**XIII** A former statement though seemingly inconsistent with the evidence need not necessarily be sufficient to amount to contradiction. Unless the former statement has the potency to discredit the later statement, even if the later statement

is at variance with the former to some extent it would not be helpful to contradict that witness.

**[See Bharwada Bhoginbhai Hirjibhai v.State of Gujarat 1983 Cri LJ 1096 :(AIR 1983 SC 753) Leela Ram v. State**

**of Haryana AIR 1995 SC 3717 and Tahsildar Singh v. State of UP(AIR 1959 SC 1012)]**

26. When the evidence of an injured eye-witness is to be appreciated, the under-noted legal principles enunciated by the Courts are required to be kept in mind:

**(a)** The presence of an injured eyewitness at the time and place of the occurrence cannot be doubted unless there are material contradictions in his deposition.

**(b)** Unless, it is otherwise established by the evidence, it must be believed that an injured witness would not allow the real culprits to escape and falsely implicate the accused.

**(c)** The evidence of injured witness has greater evidentiary value and unless compelling reasons exist, their statements are not to be discarded lightly.

**(d)** The evidence of injured witness cannot be doubted on account of some embellishment in natural conduct or minor contradictions.

**(e)** If there be any exaggeration or immaterial embellishments in the evidence of an injured witness, then such contradiction, exaggeration or embellishment should be discarded from the evidence of injured, but not the whole evidence.

**(f)** The broad substratum of the prosecution version must be taken into consideration and discrepancies which normally creep due to loss of memory with passage of time should be discarded.

(૨૦.૧) ફરીયાદપક્ષે તહોમતદારો સામેનો ભારતીય દંડ સંહીતાની કલમ–૪૦૬ હેઠળનો ગુન્હો સાબીત કરવા માટે સૌપ્રથમ એ હકિકત સાબીત કરવી પડે કે, શું તહોમતદારોને કોઈ મીલકત કે મીલકત પરનો અધિકાર સોપેલ છે, તેમજ તહોમતદારોએ અપ્રમાણીકપણે તે મીલકત અંગત ઉપયોગમાં લીધેલ કે મીલકતનો દુરઉપયોગ કે નીકાલ કરેલ છે, કે જાણી બુઝીને બીજી કોઈ વ્યકિતને મીલકતનો ઉપયોગ કે દુરઉપયોગ કરવા દીધેલ છે.જયારે ભારતીય દંડ સંહીતાની કલમ–૪૨૦ મુજબનો ગુન્હો સાબીત કરવા માટે ફરીયાદપક્ષે એ હકીકત સાબીત કરવી પડે કે તોહમતદારોએ ગેર રજુઆત કરીને પ્રથમથીજ કપટપુર્વક અથવા અપ્રમાણીક ઈરાદે ફરીયાદીને લલચાવી કોઈ મિલકત મેળવી લીધેલ અને તેનાથી મીલકત આપનારને નુકશાન અથવા હાની પહોંચેલ છે.

આ કામના આરોપીઓએ તહોમતનામાંમાં દર્શાવ્યા મુજબના ભારતીય દંડ સંહીતાની કલમ–૪૨૦,૪૦૬ મુજબના ગુન્હા પૈકી કોઈ ગુન્હો કરેલ છે કે કેમ? તે અનુંસંધાને ફરીયાદપક્ષે આરોપીઓ સામે ભારતીય દંડ સંહીતાની કલમ–૪૨૦,૪૦૬ નો ગુન્હા સાબીત કરવા નીચે મુજબના તત્વો સાબીત કરવાના રહે છે.

<u>(એ) કલમ–૪૦૬ ના તત્વો</u> :–

૧. આરોપીને કોઈ મીલકત સોંપવામા આવી હતી,

૨. આરોપીનો તે મીલકત પર તે મુજબ અધીકાર હતો,

૩. આરોપીએ તે મીલકતની ઉચાપત કરી, અથવા તેને પોતાના ઉપયોગમા લીધી,અથવા અન્ય વ્યકિતને તેના ઉપયોગમા જાણીબુજીને લેવા દીધી

૪. આરોપીએ આવુ કૃત્ય અપ્રમાણીકપણે કર્યુ.

૫. આરોપીએ આવુ કૃત્ય અમલ કરવાની પધ્ધતિ દર્શાવતા

કાનુની આદેશ વીરુધ્ધ કર્યુ, અથવા કોઈ ટ્રસ્ટની મીલકત હોય ત્યારે તે મીલકતને લગતા સ્ટષ્ટ અથવા કોઈ ગીભત કાનુની કરારના આદેશનુ ઉલ્લંઘન કરીને આરોપીએ આવુ કૃત્ય કર્યુ.

## (બી) કલમ–૪૨૦ ના તત્વો

૧. આરોપીએ ફરીયાદી સાથે ઠગાઈ કરી,

૨. આરોપીએ આવુ કૃત્ય અપ્રમાણીકપણે કર્યુ,

૩. આરોપીએ અપ્રમાણીકપણે છેતરાયેલી વ્યકિતને લલચાવીને કોઈ મિલકત આપી દેવા અથવા કોઈ કીંમતી જામીનગીરી અથવા સહી કે સિકકો કરેલી ચીજ જેને કીંમતી જામીનગીરીમાં પરિવર્તિત કરી શકાય તેવી વસ્તુ સંપૂર્ણપણે અથવા આંશિક રીતે આપી દેવા માટે ઠગાઈ કરી, અથવા

૪. આરોપીએ તેમા ફેરફાર કરવા અથવા તેનો નાશ કરવા માટે છેતરાયેલી વ્યકિતને અપ્રમાણીકપણે લલચાવી.

આ કામે જયારે હાલના આરોપીઓ સામે 'ઠગાઈ' કરવાનો તથા 'ગુન્હાહિત વિશ્વાસઘાત' કરી ભારતીય દંડ સંહીતાની કલમ–૪૦૬,૪૨૦ મુજબનો ગુન્હો કર્યાનો આક્ષેપ છે, ત્યારે આ ગુન્હા કયારે બનેલા ગણાંય તે અંગે તે ગુન્હાઓના તત્વોની ચર્ચા કરતા પહેલા ભારતીય દંડ સંહીતાની કલમ–૪૦૫ મા આપવામાં આવેલ ''ગુન્હાહિત વિશ્વાસઘાત'' તથા કલમ–૪૧૫ મા આપવામા આવેલ ''ઠગાઈ'' ની વ્યાખ્યા ઘ્યાને લેવામા આવે તો, ભારતીય દંડ સંહીતાની કલમ–૪૦૫ મુજબ ગુન્હાહિત વિશ્વાસઘાતની વ્યાખ્યા ઘ્યાને લેતા કોઈ મીલકત કોઈ વ્યકિતને સોપવામા આવી હોય અને તે મીલકતની તે વ્યકિત અપ્રમાણીકપણે ઉચાપત કરે અથવા તેને પોતાના ઉપયોગમા લે અથવા અન્ય વ્યકિતને તેના ઉપયોગમાં જાણીબુજીને લેવા દે તો ભારતીય દંડ સંહીતાની કલમ–૪૦૫ મુજબ ગુન્હાહિત વિશ્વાસઘાત કરેલ હોવાનું કહી શકાય. વઘુમાં ભારતીય દંડ સંહીતાની કલમ–૪૧૫ મા આપવામા આવેલ ઠગાઈની વ્યાખ્યા ઘ્યાને લેતા કોઈ પણ વ્યકિત જયારે કોઈ અન્ય વ્યકિતને અપ્રમાણીકપણે અથવા કપટ પુર્વક કોઈ વ્યકિતને મીલકત સોપી આપવા માટે લલચાવે અને તેના કારણે અન્ય વ્યકિતને નુકશાન અથવા હાની થાય અથવા થવાનો સંભવ હોય તો 'ઠગાઈ' નો ગુન્હો બનેલ હોવાનું ગણાંય.

વધુમાં ''અપ્રમાણીકપણે'' ની વ્યાખ્યા ભારતીય દંડ સંહિતાની કલમ–૨૪ માં આપવામાં આવેલ છે જે જોવામાં આવેતો,

કલમ–૨૪. ''અપ્રમાણીકપણે'' :–

કોઈ વ્યકિત, કોઈ વ્યકિતને સદોષ લાભ મેળવી આપવાનાં ઈરાદાથી અથવા કોઈ વ્યકિતને સદોષ હાની પહોંચાડવાના ઈરાદાથી કાંઈ કરે તો તેણે ' અપ્રમાણીકપણે' કર્યુ છે, તેમ કહેવાય .

હવે, ઉપરોકત વ્યાખ્યા સંદર્ભે ભારતીય દંડ સંહીતાની કલમ–૨૩ જોવામા આવે તો તેમા સદોષ લાભ અને સદોષ હાની તથા સદોષ મેળવવુ તથા સદોષ ગુમાવવુ તેની વ્યાખ્યા આપવામા આવેલ છે અને તે નીચે મુજબ છે.

કલમ–૨૩. 'સદોષ લાભ' / 'સદોષ હાનિ':–

સદોષ લાભ એટલે લાભ મેળવનાર વ્યકિતએ કાનૂની રીતે હકકદાર ન હોય તેવી મિલકતનો ગેરકાનૂની સાધનો દવારા મેળવેલ લાભ.

સદોષ હાનિ એટલે હાનિ પામનાર વ્યકિતએ કાનૂની રીતે હકકદાર હોય તે મિલકત માટે ગેરકાનૂની સાધનો દવારા ભોગવેલ હાનિ.

સદોષ મેળવવુ / સદોષ ગુમાવવુ:–

કોઈ વ્યકિત કોઈ વસ્તુ સદોષ મેળવે અથવા સદોષ રાખે ત્યારે તે વ્યકિતએ સદોષ લાભ મેળવ્યો કહેવાય. કોઈ વ્યકિતને કોઈ મિલકતમાંથી સદોષ બાકાત રાખવામા આવે અથવા સદોષ વંચિત કરવામાં આવે ત્યારે સદોષ હાનિ નીપજી કહેવાય.

આમ ,ઉપરોકત કાયદાકીય જોયવાઈઓ મુજબ ફરીયાદપક્ષે એ હકીકત પ્રસ્થાપિત કરવી પડે કે, ભારતીય દંડ સંહીતાની કલમ–૪૦૫ મા આપવામા આવેલ ગુન્હાહિત વિશ્વાસઘાત **( Criminal breach of trust ) ની વ્યાખ્યા** મુજબ કોઈ મીલકત કોઈ વ્યકિતને સોપવામા આવી હોય અને તે મીલકત ની તે વ્યકિત અપ્રમાણિત પણે ઉચાપત કરે અથવા તેને પોતાના ઉપયોગમા લે અથવા અન્ય વયકિતને તેના ઉપયોગ મા જાણી બુજીને લેવા દે તો તેણે ભારતીય દંડ સંહીતતાની

કલમ–૪૦૫ મુજબ ગુન્હાહીત વિશ્વાસઘાત કરેલ હોવાનુ કહી શકાય. વધુમા કલમ–૪૧૫ મા આપવામા આવેલ ઠગાઈ **(Cheating) ની વ્યાખ્યા** ધ્યાને લેવામા આવે તો, એ હકીકત સ્પષ્ટ થાય છે કે, કોઈ પણ વ્યકિત જયારે કોઈ અન્ય વ્યકિત ને અપ્રમાણિત પણે અથવા કપટ પુર્વેક કોઈ વ્યકિતને મીલકત સોપી આપવા માટે લલચાવે અને તેવા કારણે અન્ય વ્યકિતને નુકશાન અથવા હાની થાય અથવા થવાનો સંભવ હોય તો ઠગાઈ નો ગુન્હો બનેલ હોવાનુ ગણાય. વધુમા ભારતીય દંડ સંહીતાની કલમ–૪૦૩,૪૦૫,તથા ૪૧૫ મા ઉપયોગ થયેલ શબ્દ "અપ્રમાણિકપણે ની ભારતીય દંડ સહીંતાની કલમ–૨૪ મા આપવામા આવેલ વ્યાખ્યા જોવામા આવે તો *"કોઈ પણ વ્યકિત , કોઈ વ્યકિતને સદોષ લાભ મેળવી આપવાના ઈરાદાથી અથવા કોઈ વ્યકિતને સદોષ હાનિ પહોચાડવાના ઈરાદાથી કાંઈ કરે તો તેણે "અપ્રમાણિકપણે"* કર્યુ છે તેમ કહેવાય. વધુમા ઉપરોકત વ્યાખ્યા સંદર્ભે લાભ અને સદોષ હાની તથા સદોષ મેળવવુ તથા સદોષ ગુમાજજુ તેની વ્યાખ્યા આપવામા આવેલ છે અને તે નીચે મુજબ છે.

**કલમ–૨૩.સંદોષ લાભ/ સદોષ હાનિ (wrongful gain and wrongful loss)**

**સદોષ લાભઃ–** એટલે લાભ મેળવનાર વ્યકિતએ કાનુની રીતે હકકદાર ન હોય તેવી મિલકતનો ગેરકાનુની સાધનો દવારા મેળવેલ લાભ.

**સદોષ હાનિઃ–** એટલે હાનિ પામનાર વ્યકિતએ કાનુની રીતે હકકદાર હ્રોય તે મિલકત માટે ગેરકાનુની સાધનો દવારા ભોગવેલ હાનિ"

**સદોષ મેળવવુ, સદોષ ગુમાવવુ.(gaining wrongfully :losing wrongfully)**

કોઈ વ્યકિત કોઈ વસ્તુ સદોષ મેળવે અથવા સદોષ રાખે ત્યારે તે વ્યકિતએ સદોષ લાભ મેળવ્યો કહેવાય. કોઈ વ્યકિતને કોઈ મીલકતમાથી સદોષ બાકાત રાખવામા આવે અથવા સદોષ વંચિત કરવામા આવે ત્યારે સદોષ હાનિ નીપજી કહેવાય.

(૨૦.૨) વધુમા સદર કાયદાકીય જોગવાઈઓની સાથે સાથે આ તબકકે , આ સંદભે નામદાર સર્વોચ્ચ અદાલતના **Delhi Race Club(1940) Ltd.& Ors, Versus, Stateof Uttar Pradesh & Anr, CRIMINAL APPEAL NO. 3114 OF 2024,23rdAugust, 2024** **ના ચુકાદા પ્રસ્થાપિત થયેલ સિધ્ધાતો તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે ક્રીમીનલ મીશનેલીયસ એપલીકેશન નંબર–૯૫૧૮/૨૦૨૪ ,રમેશભાઈ રવજીભાઈ ડોબરીયા વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત , તા ૨૨/૧૧/૨૦૨૪ ના રાજ,સદર ચુકાદો ગુજરાતની તમામ અદાલતોને સેકયુલેટ કરવા જણાવેલ છે.**

**DIFFERENCE BETWEEN CRIMINAL BREACH OF TRUST AND CHEATING**

25. What can be discerned from the above is that the offences of criminal breach of trust (Section 406 IPC) and cheating (Section 420 IPC) have specific ingredients.

**In order to constitute a criminal breach of trust (Section 406 IPC): -**

**1)** There must be entrustment with person for property or dominion over the property, and

**2)** The person entrusted: -

**a)**dishonestly misappropriated or converted property to his own use, or

**b)**dishonestly used or disposed of the property or willfully suffers any other person so to do in violation of:

**i.**any direction of law prescribing the method in which the trust is discharged; or

**ii.** legal contract touching the discharge of trust (see:S.W.P. Palanitkar (supra).

**Similarly,in respect of an offence under Section 420**

**IPC, the essential ingredients are: -**

**1)** deception of any person, either by making a false or misleading representation or by other action or by omission;

**2)** fraudulently or dishonestly inducing any person to deliver any property, or

**3)** the consent that any persons shall retain any property and finally intentionally inducing that person to do or omit to do anything which he would not do or omit **(see: Harmanpreet Singh Ahluwalia v. State of Punjab, (2009) 7 SCC 712 : (2009) Cr.L.J. 3462 (SC))**

26. Further, in both the aforesaid sections, mens rea i.e. intention to defraud or the dishonest intention must be present, and in the case of cheating it must be there from the very beginning or inception.

**27.** In our view, the plain reading of the complaint fails to spell out any of the aforesaid ingredients noted above. We may only say, with a view to clear a serious misconception of law in the mind of the police as well as the courts below, that if it is a case of the complainant that offence of criminal breach of trust as defined under Section 405 of IPC, punishable under Section 406 of IPC, is committed by the accused, **then in the same breath it cannot be said that the accused has also committed the offence of cheating as defined and explained in Section 415 of the IPC, punishable under Section 420 of the IPC.**

(૨૦.૩) વધુમા આ કામના આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો ની કલમ–૪૦૯, ૪૬૫, ૪૬૭, ૪૬૮ મુજબનો ગુન્હા નો તહોમતનામુ કરેલ છે, આથી સદર કલમો વંચાણે લેવી

જરૂરી જણાતી હોય જે નીચે મુજબ છે.

**<u>કલમ-૪૦૯ ના તત્વો.</u>**

૧. આરોપી જાહેર સેવક,બેન્કર ,વેપારી,ફેકટરી ,બ્રોકર,એટૅની,અથવા એજન્ટ હોવો જોઈએ.

૨. આરોપીને તેની પદવી અથવા વયવસાય ના કારણે કોઈ મીલકત અથવા તે મીલકત પર નિયંત્રણ સોપવામા આવ્યુ હોવો જોઈએ.

૩. આરોપીએ તે સોપવામા આવેલી મીલકનો અપ્રમાણિક રીતે પોતાના લાભ માટે દુરપયોગ ,ગેરવહીવટ,ગેરઉપયોગ,અથવા અપહરણ કર્યો હોવો જોઈએ.

૪. આરોપી દવારા કયારે કુત્ય ઈ.પી.કો ની કલમ-૪૦૫ ની વ્યાખ્યામા આવવો જોઈએ.

૫. આરોપી પાસે ગુનાહીત મનોદસા અથવા અપ્રમાણિત ઈરાદો હોવો જરૂરી છે.

**<u>કલમ-૪૬૫ ના તત્વો:-</u>**

૧. આરોપીએ ખોટા દસ્તાવેજો અથવા ખોટા ઈલેકટ્રોનીક રેકોર્ડ બનાવ્યો હોવો જોઈએ.

૨. દસ્તાવેજ બનાવતી વખતે આરોપીએ તે ખોટો હોવાનુ જાણતા હોવા છતા તે બનાવ્યો અથવા તેમા ખોટો ફેરફાર કર્યો હોવો જોઈએ.

૩. આ કુત્ય આરોપીએ અપ્રમાણિક રીતે અથવા કપટ પુર્વક કર્યુ હોવુ જોઈએ.

૪. દસ્તાવેજ બનાવવાનો હેતું નીચે મુજબ એક હોવુ જોઈએ.

 ૧. કોઈ વ્યકિતને નુકશાન પહોચાડવાનો.

 ૨. કોઈ ખોટા દાવા તથા હકક ને સમર્થૅન આપવો.

 ૩. કોઈ વ્યકિત પાસેથી મીલકત અથવા લાભ મેળવવો.

 ૪. છેતરપીંડી કરવાની અથવા તે શકય બનાવવાની

૫. આરોપી દવારા બનાવેલ દસ્તાવેજ દ્રષ્ટિએ ખોટા હોવા જોઈએ.માત્ર ખોટુ નીવેદન લખાવવાાથી કલમ-૪૬૫ લાગુ પડતી નથી. દસતાવેજ કલમ-૪૬૪ મુજબ ખોટો બનાવવામા આવ્યો હોવો જરૂરી છે.

**કલમ-૪૬૭ ના તત્વો.**

૧. આરોપીએ ખોટો દસ્તાવેજ અથવા ખોટો ઈલેકટોનીક રેકોર્ડ બનાવ્યો હોવો જોઈએ.

૨. આ દસ્તાવેજ વસિયતનામુ, દતક લેવાની સતા આપતો દસ્તાવેજ, અથવા કોઈ વ્યકિતને મુલ્યવાન મિલકત અથવા કાનુની હકક પ્રાપ્ત થાય, બદલાય ,સમાપ્ત થાય અથવા મુકત થાય તેવો દસ્તાવેજ હોવો જરૂરી છે.

૩. આરોપીએ દસતાવેજ અપ્રમાણિક રીતે અથવા કપટપુર્વેક બનાવ્યો અથવા બનાવડાવ્યો હોવો જોઈએ.

૪. આરોપીનો હેતુ કોઈને છેતરવાનો,ગેરકાયદેસર લાભ મેળવવાનો , અન્ય વ્યકિતને નુકશાન પહોચાડવાનો અથવા ખોટા હકક અથવા દાવાને સમર્થેન આપવાનો હોવો જોઈએ.

૫. આરોપીને દસતાવેજ ખોટો હોવાનો જ્ઞાન અથવા તેવો ઈરાદો હોવો જોઈએ.

**કલમ-૪૬૮ ના તત્વો :-**

૧. સંડોવાયેલ દસ્તાવેજ બનાવટી હતો

૨. આવો બનાવટી દસ્તાવેજ આરોપીએ બનાવેલો હતો,

૩. બનાવટી દસ્તાવેજ બનાવવા પાછળ આરોપીનો ઠગાઈ
કરવાનો ઈરાદો હતો,

(૨૧). ફરીયાદી દવારા ઉપરોકત મુજબ રજુ કરેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા, આંક-૧૧ થી પંચ સાહેદ ભીખાભાઈ શંકરભાઈ વસાવા તથા આંક-૧૩ થી પંચ સાહેદ પાંચીયાભાઈ રવજીભાઈ નાઓએ સોગદ પર જુબાની આપેલ છે, આ પંચો આંક-૧૨ ના કુદરતી લખાણના નમુના માટેના પંચો છે, સદર પંચોએ આંક-૧૨ ના પંચનામા નમા સમર્થેન મા જુબાની આપેલ ન હોય આંક'-૧૨ નો પંચનામુ સાબીત થયેલ નથી અને ફરીયાદીને મદદરૂપ થયેલ નથી. ત્યારબાદ આંક-૧૪ થી પંચ સાહેદ ભીખાભાઈ શંકરભાઈ અને આંક'-૧૭ થી પંચ સાહેદ પાંચીયાભાલ રવજીભાઈ

નાઓએ જુબાની આપેલ છે,આ પંચ સાહેદો આંક–૧૫ અને ૧૬ ના પંચો છે, આ પંચ સાહેદોએ આંક–૧૫ અને ૧૬ ના પંચનામા ને સમર્થન આપેલ ન હોય આંક–૧૫ અને ૧૬ નો પંચનામુ સાબીત થયેલ નથી અને ફરીયાદીને મદદરૂપ થયેલ નથી.

(૨૧.૧) વધુમા આંક–૩૨ થી ફરીયાદી કપીલાબેન ગોવરધનભાઈ ગઢ વીનાઓ તેઓના પુરાવામા જણાવે છે કે, સને–૨૦૧૦ ના નવેમ્બર મહીનામાં અમો બધા વારસદાર ભાઈઓ ઘરે હાજર હતા. તે સમયે મગનભાઈ કોલીયાભાઈ વસાવા તથા કીરીટસિહ મોતીસિહ મહીડા તથા બે અજાણ્યા ઈસમો અમારા ઘરે આવેલ હતા અને મારા મોટા ભાઈ નરેશને એવુ જણાવેલ કે, '' **તમારે આટલી બધી જમીન છે તમારી પાસે એક ટ્રેકટર હોવુ જોઈએ અને અમો તમોને ખેતી ઉપર લોન કરાવી ટ્રેકટર અપાવીશુ.**'' મારા ભાઈ નરેશે અમોને જણાવેલકે, '' **આપડે જમીન ઉપર એક લોન કરીને ટ્રેકટર લેવાનુ છે.''** તે સમયે મારી માતાજી માનશીક રીતે બીમાર હતી. મારી પોતાની ઉંમર તે વખતે ૧૭ વર્ષ ની હતી. જેથી મારી મોટી બેન અને મારા ભાઈ એ મંજુરી આપેલી. પછી મગનભાઈ કોલીયાભાઈ વસાવા એ કહેલકે, '' **અમો જ્યારે બોલાવીએ ત્યારે આવી જશો** ''. ત્યારબાદ થોડા સમય પછી મગનભાઈ કોલીયાભાઈ વસાવા એ તેમના ઘરે વાંદરીયા ગામે બધા વારસદારોને બોલાવેલા. ત્યા આગળ કીરીટસિહ મોતીસિંહ મહીડા પણ હાજર હતા. અને અમો બધા વારસદારોને બેંકના કાગળોમાં સહી તથા અંગુઠા કરાવેલા હતા. અને પાછુ અમોને એવુ જણાવેલકે, ''**અમો જ્યારે બોલાવીએ ત્યારે આવી જશો''**. ત્યારબાદ થોડાક સમય બાદ અમો ભાલોદ બેંક ઓફ બરોડામાં મગનભાઈ તથા કિરીટસિહં નાઓએ બોલાવેલ હતા. **ત્યાં આગળ અમોને બધા વારસદારોની લુશ ચેક ઉપર સહી તથા અંગુઠા કરાવીને બેંકમાથી સાત લાખ રૂપીયા ઉપાડેલા.પછી મગનભાઈ ના કહેવાથી ત્યાં ને ત્યા કિરીટસિંહ ને આપેલા હતા.** કિરીટસિંહે અમોને રાજપારડી શિવશકિત ટ્રેર્ડસમાથી, ઈન્ડુ ફાર્મ કંપનીનુ ટ્રેકટર અપાવેલુ.પછી અમે ટ્રેકટર લઈને ઘરે આવેલા.અને ત્યારબાદ અમો ટ્રેકટર ના થોડાક હપ્તા ચુક ગયેલા જે પાછળ થી અમોએ ભરી દીધેલા.

ત્યારબાદ સને–૨૦૧૬ ની સાલમાં બેંકમાથી નોટીશ આવેલી અને તે વખતે અમને લાગેલકે, સાત લાખ રૂપીયા ની લોન બાબતે નોટીશ આવેલ હશે. અને બાદમાં જમીનમાં બોર કુવો બનાવવા વીજ કનેકશન લેવા જમીનના ૭/૧૨ ના ઉતારા બાબતે મામલતદાર કચેરી એ જતાં ત્યાં જાણવા મળેલકે, <u>અરેઠી ગામે જુના સર્વે નંબર–૮૩ અને શાકવા ગામે જુના સર્વે નંબર–૩૮ જે જમીનો ઉપર બે બોજા ચઢેલ છે.</u> બાદ હુ ઘરે આવીને મારા ભાઈને અને બહેન ને પુછેલ કે, બોજા બાબતે તમે કોઈ જાણો છો તો તે લોકો પણ ને આ લોન બાબતે જાણમાં નથી. જેથી અમો ભાલોદ બેંકમા ગયેલા ત્યાં જઈને પુછેલ કે, આ બીજી લોન કયારે થયેલછે. તો મેનેજર સાહેબે અમોને જણાવેલકે, સને–૨૦૧૦ ની સાલમાં , રૂપીયા સાત લાખની લોન અને સને–૨૦૧૨ મા આઠ લાખ રૂપીયા ની લોન થયેલછે. જેથી અમોને જાણવા મળેલકે, મગનભાઈ કોલીયાભાઈ વસાવા અને કીરીટસિંહ મહીડા નાઓએ જયારે અમોએ સાત લાખની લોન લીધેલ તે વખતે વધારે બેંક કાગળોમા સહીઓ લઈ અને પાછળથી આઠ લાખની લોન લઈ અને તેઓએ વાપરેલ છે. બાદમાં અમોએ પોલીસ સ્ટેશનમા ફરીયાદ આપેલ. પોલીસ મા જે ફરીયાદ આપેલી તે ફરીયાદ મને આજરોજ બતાવવામાં આવેછે તે જોઈને કહુછુ કે તેમાં મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ. જે રજુ દાખલ આંક–૩૩ આપવામાં આવેછે. આરોપી ને જોયેથી હુ ઓળખુ છુ આજરોજ કોર્ટમા હાજર છે તે જ છે.

બચાવપક્ષ તરફે કરવામા આવેલી **ઉલટ તપાસમા તેઓ એ વાતનો સ્વીકાર કરેલ છે કે,** મગનભાઈ મારા ઘરે કઈ તારીખે આવેલા તે તારીખ મને હાલ યાદ નથી.

સવાલ: મગનભાઈ તમારા ઘરે આવેલા તે વખતે તમો ઘરે હાજર હતા ?

જવાબ: હુ હાજર હતી.

સવાલ: તમે કેટલો ભણેલા છો ?

જવાબ: પોસ્ટ ગેજયુએટ સુધી અભ્યાસ કરેલછે.

સવાલ: પોલીસમા તમે કઈ સાલમાં નોકરી મેળવેલી ?

જવાબ: સને–૨૦૧૬ મા મેળવેલી.

તે વાત ખરી છે કે, કેહવાતી ફરીયાદ સને–૨૦૨૦ મા મે આપેલી તે વખતે હુ વાલીયા પોલીસ સ્ટેશનમાં નોકરી કરતી હતી.

સવાલ: તમે કહેવાતી ફરીયાદ કઈ તારીખે આપેલી હતી ?

જવાબ: ૨/૧૦/૨૦૨૦ ના રોજ આપેલી હતી.

સવાલ: તમે વાંદરીયા મુકામે જે જે ડોકયુમેન્ટમાં સહી કરેલી તે ડોકયુમેન્ટની તમોને જાણ તો હશે ?

જવાબ: બેંક ના કાગળોની આગળ ચોકડી મારેલી તે જગ્યાએ સહી કરવાનુ કહેતા મે સહી કરેલી.

તે વાત ખરી છે કે, મે જે ડોકયુમેન્ટમા સહી કરેલી તે ડોકયુમેન્ટમા શું લખેલ તેનો અભ્યાસ મે કરેલો નથી. તે વાત ખરી છે કે, અરેઠી થી ભાલોદ આશરે ૭૫ કીલોમીટર દુર આવેલુ છે.

સવાલ: ભાલોદ મુકામે બેક ઓફ બરોડામાં કોના નામે ખાતુ ખોલાવેલુ હતુ ?

જવાબ: ગીતાબેન ના નામે ખાતુ ખોલાવેલુ હતુ.

સવાલ: બેક ખાતુ ખોલાવવા તમારી પાસે કોઈ સંમતી બેક ઓફ બરોડાના મેનેજરે લીધી હોય તેવુ બનેલુ હતુ ?

જવાબ: સંમતી લીધેલ નથી.

તે વાત ની મને ખબર નથી કે, જયારે તકીયામા પક્ષકારો વધારે હોય અને બેકમા સંમતી આપવી હોય તો બધાની નોટરી સમક્ષ સહી લઈને બેકમાં આપેલી. તે વાત ખરી છે કે, અમારી સાત લાખ રૂપીયાની લોનની રકમ અમોને આપવામા આવેલી હતી. તેવા તની મને યાદ નથી કે, અમોએ બેકમાથી સાત લાખ રૂપીયા કઈ તારીખે ઉપાડેલા. સાહેદ જણાવેછેકે, સાલ યાદ છે સને–૨૦૧૦ માં.

સવાલ: કાશીરામભાઈ હયાત છે ?

જવાબ: તે કયા છે તે અમોને ખબર નથી અને તે કોઈને કહયા વગર કઈક જતા રહેલા છે.

તે વાત ની મને ખબર નથી કે, કાશીરામભાઈ વાડી મુકામે રહેછે. તે વાત ખરી છે કે, મારી ફરીયાદમાં ફરીયાદ મોડી આપવાનુ કારણ જણાવેલ નથી.

આમ સદર પુરાવાથી એ ફલીત થાય છે કે , હાલના આરોપી મગનભાઈ નાઓએ હાલના ફરીયાદીને ટ્રેકટર માટે રૂ ૭૦૦,૦૦૦/– ની લોન અપાવેલ અને રૂ

૭૦૦,૦૦૦/-લોનના આવતા જ આરોપી કીરીટભાઈ મોતીભાઈ નાઓને આપેલ અને તેઓએ શીવશકિત ટ્રેડૅસ માથી ફરીયાદીને ટ્રેકટર લઈ આપેલ,પરંતુ બીજી રૂ ૮૦૦,૦૦૦/-ની લોન આ કામના આરોપીએ લીધી છે કે કેમ? તે ઉપરોકત પુરાવાથી ફલીત થતો નથી.

(૨૧.૨) ત્યારબાદ ફરીયાદી તરફે આંક-૪૨ થી રીતેષકુમાર ઉમગલાલ નાઓએ પુરાવો આપેલ છે, બચાવપક્ષ ના વકીલ શ્રી દવારા કરવામા આવેલ ઉલટ તપાસ મા તેઓ સ્વીકારે છે કે, એ વાત ખરી ાછે કે હુ લેટર પેડ અને પ્રિનટીગ પ્રેસનુ કામ કરુ છુ. એ વાત ખરી છે કે, મારે ત્યા ઘણાબધા લોકો બીલ બુક છપાવવા આવે જેથી તેઓએ શુ છપાવેલ તે મને ખબર પડે નહી. આમ સદર સાહેદના પુરાવાથી હાલના આરોપીએ રૂ ૮૦૦,૦૦૦/- ની લોન લેવા દસ્તાવેજી પુરાવા પર સહીઓ કરેલ છે અને લોન લેવા દસ્તાવેજો બેંક મા રજુ કરેલ છે અને લોન મેળ્વેલ છે તે પુરવાર થતો નથી. ત્યારબાદ ફરીયાદી તરફે આંક-૪૧ થી કિર્તીકાબેન નાઓએ પુરાવો આપેલ છે, તેઓ ટાઈટલ કલીયર સર્ટી આપવાનો કામ કરે છે. તેઓ જુબાની મા જણાવે છે કે, સદર સર્ટીફીકેટ અમોએ મારી પાસે રજુ થયેલા દસતાવેજો આધારે આપેલ છે જે બરાબર છે. સર્ટીફીકેટ કોણ લેવા માટે આવેલ તે મને હાલ યાદ નથી. સાહેદ જણાવે છે કે, ઘણો સમય થયેલો છે માટે અમો બેંક ઓફ બરોડા સિવાય સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, બરોડા ગુજરાત ગ્રામીણ બેંક તેમજ બેંક ઓફ ઈન્ડીયામા પણ પેનલ એડવોકેટ છીએ જેથી સદર ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ લેવા માટે મારી પાસે કોણ આવેલ તે હાલ યાદ નથી. બચાવપક્ષ ના વકીલ શ્રી દવારા કરવામા આવેલ ઉલટ તપાસ મા તેઓ સ્વીકારે છે,સવાલ:- આ કામે તમે મગનભાઈ કોલીયાભાઈ ના નામે કોઈ બીલ બુક છાપી હોય તેવુ બનેલુ? જવાબ:- છપાવેલા માટે તેઓ આવેલા અને તેઓના નામે છાપેલી તેવુ યાદ છે. એ વાત ખરી છે કે મારે ત્યા બીલ બુક છપાવવા આવે જેથી તેઓ એ શુ છપાવેલો તે મને ખબર પડે નહી.

આમ સદર સાહેદ માત્ર બીલબુક પ્રિન્ટ કરવાનો કામ કરે છે તેમના પુરાવા પરથી

એ હકીકત ફલીત થતી નથી કે હાલના આરોપીએ ફરીયાદી ની જાણ બહાર, ફરીયાદીની જમીન પર રૂ ૮૦૦,૦૦૦/– ની બીજી લોન લીધેલ હોય તે ફલીત થતો નથી. આમ સદર સાહેદનો પુરાવો ફરીયાદીને મદદરૂપ નીવળેલ નથી.

(૨૧.૩) ત્યારબાદ આંક–૪૧ થી કીર્તિકાબેન ચીમનભાઈ નાઓએ પુરાવો આપેલ છે,સદર સાહેદ વકીલાત નો વ્યવંસાય કરે છે અને ટાનઈટલ કલીયર સર્ટીફીકેટ આપે છે. આરોપી દવારા જે જમીન પર લોન લીધેલ છે તે જમીન નો ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ સદર સાહેદ દવારા આપવામા આવેલ છે. તેઓ જણાવે છે કે, તેઓએ તા ૩૦/૧૦/૨૦૧૦ ના રોજ ટાઈટલ કલીયરન્સ સર્ટી આપેલો.જે સર્ટી અમોએ અમારી પાસે રજુ થયેલ દીસતાવેજી પુરાવા એટલે કે ૭/૧૨, ૦૮(અ),તથા ૬ નંબર ના હકકપત્રક અસલ રજુ થયેલા જે આધારે આપેલ. સદર સર્ટીફીકટ મારી પાસે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ના આધારે આપેલ છે જે બરાબર છે. સર્ટીફીકેટ કોણ લેવા આવેલ તે અમોને યાદ નથી. સાાહેદ સ્વેરછા એ જણાવે છે કે, ઘણો સમય થયેલો છે માટે. અમો બેંક ઓફ બરોડા સિવાય સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, બરોડા ગુજરાત ગ્રામીણ બેંક તેમજ બેંક ઓફ ઈન્ડીયામા પણ પેનલ એડવોકેટ છીએ જેથી સદર ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ લેવા માટે મારી પાસે કોણ આવેલુ તે હુ હાલ કહી શકુ નહી. બચાવપક્ષ દવારા કરવામા આવેલ ઉલટ તપાસ મા તેઓ સ્વીકારે છે કે,**જે વ્યકિતને લોન લેવાની હોય તે વ્યકિત ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ લેવા માટે આવે છે. સગા,વહાલા કે ઓળખીતા આવે તો પણ અમે ટાઈટલ કલીયર સર્ટીફીકટ આપીએ છીએ.ટાઈટલ કલીયર સર્ટીફીકેટ ગીતાબેન ગોરધનભાઈ તડવી વગેરે ના નામનુ ટાઈટલ કલીયર સર્ટીફીકેટ ઈસ્યુ કરવામા આવેલ.આ કામના માત્ર ટાઈટલ કલીયર સર્ટીફીકેટ ઇશ્યુ કર્યો સિવાય બીજી કોઈ કાર્યેવાહી કરેલ નહી.**

આમ સદર કામમા સદર સાહેદ દવારા માત્ર જે જમીન પર લોન લેવામા આવે છે તે જમીન પર ટાઈટલ કલીયર નો સર્ટીફીકેટ આપવા નો કામ કરવામા

આવે છે. સદર સાહેદ દવારા ગીતાબેન તથા અન્ય ના નામનો ટાઈટલ કલીયર સર્ટીઆપેલ છે,પરંતુ સદર સર્ટીફીકેટ કોને આપેલ છે તે તેઓને યાદ નથી. આથી સદર સાહેદનો પુરાવો ફરીયાદીને મદદરૂપ નીવળેલ નથી કે જેનાથી સાબીત થઈ શકે કે હાલના આરોપી દવારા ફરીયાદીની જમીન પર ફરીયાદીની જાણ બહાર રૂ ૮૦૦,૦૦૦/– ની લોન લીધેલ છે.

(૨૧.૪) ત્યારબાદ આંક–૪૪ થી સાહેદ ભારતીબેન રજનીસીગ દવારા પુરાવો આપવામા આવે છે તેમા તેઓ જણાવે છે કે, બનાવ સને–૨૦૧૦ અને સને–૨૦૧૨ મા બનેલો. અમારા ખેતર સવે ન.૮૩ અરેઠી ગામ તથા સાકવા ગામે સવે ન.૩૮ જમીન ઉપર ટ્રેકટર લેવા લોન લીધેલી. આ લોન મગનભાઈ અને કરીટભાઈ નાઓએ જણાવેલ કે, ઘણીબઘી જમીન હોય તમને ટ્રેકટર લેવા લોન થી અપાવીએ અને આ લોકો એ અમારી પાસે બે લોનો કરાવી લીધેલ. કેટલાની લોન કરાવી તેની ખબર નથી. આમા અમોએ એક જ લોન માગી હતી બીજી લોનની અમને ખબર ન હતી. મારી નાની બેન કપીલાબેને લાઈટ કનેકશન માટે ઓફીસ ગયેલ હતી તે વખતે ખેતર મા બોજો છે તેવુ જાણવા જાણેલ. એક સાત લાખ રૂપીયા અને બીજા ખેતર મા આઠ રૂપીયા નો બોજો જાણેલ. લોન વાળુ ટ્રેકટર અમાર ઘરે રહેતુ ન હતુ અને મગનભાઈ ના ઘરે રહેતુ હતુ. અને તેઓએ જણાવેલકે, આ લોનના હપ્તા અમે ભરીશુ અને અમને એક પણ હપ્તાની રસીદ બતાવેલ નહી. આ લોનોમા એક રૂપીયો પણ જોયેલો નથી. મગનભાઈ એ સહી કરાવીને તેઓના ઘરે લોન બાબતે સહી ઓ અમારી કરાવેલી. સહીઓમાં અમે નરેશભાઈ ,કાશીરામભાઈ , કપીલાબેન અને હુ પોતે કરેલી અને જે ટ્રેકટર માટે કરેલી. પોલીસે આ બાબતે મારો જવાબ લીધેલો. મગનભાઈ કોર્ટમા હાજર છે તે જ છે.

સદર કામમા સદર એ જણાવી આવે છે કે, ટ્રેકટર માટે આરોપી દવારા ફરીયાદીને લોન અપાવેલ અને તે લોન થી ફરીયાદીને ટ્રેકટર પર ખરીદ કરીને અપાયેલ પરંતં બીજી રૂ ૮૦૦,૦૦૦/– ની જે લોન છે તે હાલના આરોપી દવારા લેવામા આવેલ છે કે કેમ તે પુરવાર થતો નથી, લોન અંગેના કોઈ પણ દસ્તાવેજી પુરાવા સદર કામમા

રજુ કરવામા આવેલ નથી. વધુમા જો રજુ કરવામા આવેલ હોય તો પણ સદર સાહેદ ના પુરાવાથી એ કહી શકાય નહી કે હાલના આરોપી એ જ બીજી લોન લીધેલ છે.કારણકે સદર સાહેદ તેઓની ઉલટ તપાસ મા સ્વીકારે છે કે, **સવાલ:– તમે કીધુકે સાત લાખ અને આઠ લાખ ની લોન કઈ તારીખે અને કઈ જગ્યાએ તમોને આપેલી? જવાબ:– તે વખતે અમો નાના હતા અમને ખબર નથી.** આમ લોન મેળવેલ તે સમયે હાલના સાહેદ નાના હોવાથી લોન અંગે તેઓને માહીતી ન હોય , બીજી લોન કોણે લીધી ત માટે સદર સાહેદ નો પુરાવા પર રીલાય કરી શકાય તેમ ન હોય સદર સાહેદનો પુરાવો ફરીયાદપક્ષ ની મદદરૂપ નીવળેલ નથી.

(૨૧.૫) ત્યારબાદ આંક–૪૮ થી સાહેદ સુરેન્દ્રસિહ બાધરસિહ અને આંક–૪૯ થી સાહેદ ગોવિદભાઈ મીઠાભાઈ નાઓએ પુરાવો આપેલ છે તેમા તેઓ જણાવે છે કે, શુ કેસમા કશુ જાણતો નથી. આ કેસ બાબતે મારે કશુ કહેવુ નથી. પોલીસે મારો જવાબ લીધેલ નથી. આમ સદર સાહેદાના પુરાવા ફરીયાદીને મદદરૂપ નીવળેલ નથી.

(૨૧.૬) ત્યારબાદ આંક–પર થી ત.ક.અ ભદ્રેશભાઈ મનુભાાઈ નાઓએ જુબાની આપેલ છે,ત્યારબાદ બચાવપક્ષ ના વકીલ શ્રી દવારા કરવામા આવેલ ઉલટ તપાસ મા તેઓ સ્વીકારે છે કે,

સવાલ: તમે ભાલોદ બેંક ઓફ બરોડામાંથી કોઈ કાગળીયા મેળવીને તપાસના કામે રજુ કરેલા છે?

જવાબ: આ કામે અમો તા. ૦૪/૧૦/૨૦૨૦ ના રોજ ભાલોદ બેક ઓફ બરોડાને આ કામના આરોપી મગનભાઈ કોલીયાભાઈ વસાવાનાઓના બેંક એકાઉન્ટ તેમજ ડી.ડી.ની હકીકત મેળવવા યાદી પાઠવેલ હતી. મારી તપાસ દરમ્યાન મેં કોઈ કાગળો ચાર્જશીટના કામે રજુ કરેલા નથી.

સવાલ: ભાલોદ બેંક ઓફ બરોડામાં કોણે લોન લીધેલી તે બાબતની તમોને ખબર છે?

જવાબ: ના, જી.

સવાલ:તમારી તપાસ દરમ્યાન કોના ખાતાથી આ લોન લીધેલી તેની તમને ખબર છે?

જવાબ: ના,જી.

સવાલ:ભાલોદ બેંક ઓફ બરોડામાં કયા સર્વે નંબર થી તથા કયા ખાતા નંબરથી તથા કેટલા હેકટર જમીનથી લોન લીધેલી તેની તમને ખબર છે?

જવાબ: સર્વે નંબર ૮૩ તેમજ ૩૮વાળી થી ખાતા નંબર ખબર નથી તથા હેકટર હતુ તેની મને ખબર નથી.

સવાલ: બીજા કયા ગામની સીમની જમીન માટે લોન લીધેલી તેની ખબર છે?

જવાબ: ના,જી.

એવાત ખરી નથીકે, મેં આ કામે સાહેદોના નિવેદનો ખોટા લીધેલા છે અને ખોટી તપાસ કરેલી છે અને તે તપાસને સમર્થન કરવા હાલની ખોટી જુબાની સોંગદ પર આપુ છુ.

આમ સદર ત.ક.અ નાઓએ લોન અંગેના કાગળો ચાર્જેસીટ સાથે રજુ કરેલ નથી. ભોલાદ બેંક ઓફ બરોડા મા કોણે લોન લીધી તે વાત ની તેઓને ખબર નથી. કોના ખાતામાથી લોન લીધેલ તે વાત ની તેઓને ખબર નથી. કયા સવૅ પર લોન લીધેલ તેની તેઓને ખબર ન હોય, ત.ક.અ દવારા સદર કામમા યોગ્ય તપાસ કરેલ છે તે માની શકાય નહી આથી ત.ક.અ નો પુરાવો ફરીયાદીપક્ષ ને મદદરૂપ નીવળેલ નથી.

(૨૧.૭) ત્યારબાદ આંક– ૬૦ થી ત.ક.અ વિક્રમભાઈ નારણભાઈ રબારી તેઓના પુરાવામા જણાવે છે કે, બનાવ સમયે અમો વાલીયા પો.સ્ટે.પી.આઈ. શ્રી. તરીકે ફરજ ઉપર હાજર હતા તે દરમ્યાન વાલીયા પો.સ્ટે. ફર્સ્ટ ગુના રજી નંબર–××××× ૦૭૪૧/૨૦૨૦ ના કામે અગાઉના ત.ક.અમલદાર શ્રી પી. આઈ. બી. એમ. રાઠવાનાઓ પાસેથી તેઓની બદલી થતાં અમોઓ તપાસ સંભાળી લઈ આ કામે તા. ૧૪/૧૨/૨૦૨૦ ના રોજ આરોપીએ લોન લેતી વખતે તૈયાર કરેલ કાગળોમાં જામીનદાર તરીકે સુરેન્દ્રસિંહ ઉર્ફે અર્જુનસિંહ બાધરસિંહ ગોહીલની ખોટી સહી કરેલ હોય જે અંગે સુરેન્દ્રસિંહ ગોહીલના સહીના નમુના પંચો રૂબરુ મેળવી વિગતવારનુ પંચનામુ કરેલ જે આંક–૧૫ વાળા પંચનામામાં મારી રૂબરુ પંચોની સહી છે જે હુ ઓળખુ છુ

અને આ કામે જામીનદાર તરીકે સુરેન્દ્રસિંહ ઉર્ફે અર્જુનસિંહ બાધરસિંહ ગોહીલનાઓની તા. ૦૫/૧૧/૨૦૨૦ ના રોજ નિવેદન લઈ તા.૧૫/૧૨/૨૦૨૦ ના રોજ ઈ. પી. કો. કલમ ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ નાઓના ઉમેરા માટે નામદાર કોર્ટમાં રીપોર્ટ કરેલ અને સરદ રીપોર્ટ મંજુર થયેલ અને ભાલોડ શાખા બેંક ઓફ બરોડામાં બેંક સ્ટાફની માહીતી માટે રીપોર્ટ કરેલ અને ત્યારબાદ અમારી બદલી અંકલેશ્વર સી. ટી. પો. સ્ટે. થતાં આગળની તપાસ પી.આઈ.શ્રી. એસ.કે.ગામીત નાઓએ સંભાળેલ.

બચાવપક્ષ તરફે કરવામા આવેલી ઉલટ તપાસમા તેઓ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, એવાત ખરી છેકે, એવાત ખરી છે કે,આ કામે સુરેન્દ્રસિંહ ઉર્ફે અર્જુનસિંહ બાધરસિંહ ગોહીલનાઓનો જવાબ લીધેલ. એવાત ખરી છેકે,અમોએ અમારી તપાસ દરમ્યાન સુરેન્દ્રસિંહ ઉર્ફે અર્જુનસિંહ બાધરસિંહ ગોહીલનાઓની સહી એફ.એસ.એલ.માં મોકલાવેલનથી.એવાત ખરી છેકે, જે જામીનદાર હોય તેમના નામનો જ પુરાવો આધાર કાર્ડ કે ચુંટણી કાર્ડ હોય છે.એવાત ખરી છેકે, જામીનગીરી બાબતે જામીનદાર વગર કોઈપણ વસ્તુ થઈ શકે નહી.

આમ સદર કામમા ત.ક.અ દવારા કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. સદર ત.ક.અ જે સુરેન્દ્રસિહ બાધરસિહ ના પુરાવાની વાત કરે છે તેઓ આંક-૪૮ થી પુરાવો આપેલ છે તેમા તેઓ જણાવે છે કે, હે કેસમા કશુ જાણતો નથી. આ કેસ બાબતે મારે કશુ કહેવુ નથી. પોલીસે મારો જવાબ લીધેલ નથી. આમ સદર સાહેદનો પુરાવો ફરીયાદીને મદદરૂપ નીવળેલ નથી. ત્યારબાદ ફરિયાદપક્ષે આંક-૬૫ થી સાહેદ સરોજબાળા કાંતીલાલ ગામીતનાઓને સોગંદ પર તપાસવામા આવેલ છે તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે, બનાવ સમયે અમો વાલીયા પો.સ્ટે.પી.આઈ. શ્રી. તરીકે ફરજ ઉપર હાજર હતા તે દરમ્યાન વાલીયા પો.સ્ટે. ફર્સ્ટ ગુના રજી નંબર××××× ૦૭૪૧/૨૦૨૦ના કામે અગાઉના ત.ક.અમલદાર શ્રી વી.અને.રબારીનાઓ પાસેથી તેઓની બદલી થતાં અમોઓ તપાસ સંભાળી લઈ આ કામે તા. ૨૫/૦૫/૨૦૨૧ ના રોજ આરોપી મગનભાઈ કોલીચાભાઈ વસાવાનાઓને આ

કામે અટક કરી અટક અંગેનું પંચનામું પંચો રૂબરુ કરેલ જે આંક–૧૫ વાળુ પંચનામામાં મારી રૂબરુ પંચોની સહીઓ છે જે હું ઓળખી બતાવુ છુ. અને આરોપીને તા. ૨૫/૦૫/૨૦૨૧ ના રોજ નિવેદન લીધેલ અને સમયમર્યાદામાં નામદાર કોર્ટમા રજુ કરી આગળની કાયેદસરની કાર્યવાહી કરી તેમજ આરોપીના હસ્તાક્ષર તેમજ કુદરતી લખાણના નમુના લઈ તે અંગેનુ પંચનામુ જે આંક–૧૬ વાળુ પંચનામામાં મારી રૂબરુ પંચોની સહીઓ છે જે હું ઓળખી બતાવુ છુ. કરેલ તેમજ તા. ૨૯/૦૭/૨૦૨૧ ના રોજ ફરીયાદી તેમજ સાહેદો તથા જામીનદારનાઓના સહી અંગુઠા તેમજ કુદરતી લખાણના નમુના લઈ તે અંગેનુ વિગતવારનું પંચનામુ પંચો રૂબરુ કરેલ. જે આંક–૧૬ વાળા પંચનામામાં મારી રૂબરૂ પંચોની સહીઓ છે જે હું ઓળખી બતાવું છું.ત્યારબાદ આ કામના સાહેદ તા.૨૨/૦૫/૨૦૨૧ ના રોજ કિર્તીકાબેન ચીમનભાઈ પટેલ, તા.૨૯/૦૭/૨૦૨૧ ના રોજ ગોંવિદભાઈ મીઠાભાઈ વસાવા તથા તા.૧૭/૦૭/૨૦૨૧ ના રોજ સાહેદ વિજયકુમાર ઈટવરીલાલ જાતવનાઓના નિવેદનો લીધેલા અને તપાસ દરમ્યાન આ કામના અસલ કાગળો ડી.આર.ટી. કોર્ટ અમદાવાદ મુકામે હોય તે કાગળો મેળવવા સારૂ મુદામ પોલીસ કર્મચારી મોકલેલ પરંતુ ડી.આર.ટી. કોર્ટમા કેસ ચાલેલ હોય અસલ કાગળો મળેલ નહી અને હાલમાં પણ આ કેસ ડી.આર.ટી. કોર્ટમા ચાલુ છે જેથી સદર કાગળો એફ.એસ.એલ. માં મોકલી શકેલ નથી અને આ કામે આરોપી મગનભાઈ કોલીચાભાઈ વસાવાનાઓ વિરુઘ્ઘ નામદાર કોર્ટમા ચાર્જશીટ કરેલ અને સદર ચાર્જશીટમાં કોલમ નંબર –૧૨ માં આરોપી કિરીટસિંહ મોતીસિંહ મહીડા નાઓને પકડવાના બાકી હોય આરોપનામુ નહી ઘડવામાં આવેલની વિગત જણાવેલ. આરોપી મગનભાઈ કોલીચાભાઈ વસાવાનાઓને જોયેથી ઓળખી શકુ.

બચાવપક્ષ તરફે કરવામા આવેલી ઉલટ તપાસમા તેઓ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, એવાત ખરી છેકે,આ કામે અમોએ ફક્ત ત્રણ સાહેદ કિર્તીકાબેન,ગોંવિદભાઈ અને વિજયકુમારના નિવેદનો લઈ સાહેદો તથા આરોપીના હસ્તાક્ષર અને કુદરતી લખાણના નમુના લઈ તે અંગેનુ વિગતવારના પંચનામા કરી

આરોપી મગનભાઈ કોલીયાભાઈ વસાવાને અટક કર્યા સિવાય અન્ય કોઈ કાર્યવાહી કરેલ નહી.

(૨૧.૮) આમ ત.ક.અ દવારા જે દસ્તાવેજો ને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી લેબોરેટરી **(એફ.એસ.એલ)** ખાતે તપાસ અર્થે મોકલવામા આવ્યા હોવાનુ જણાવવામા આવેલ છે તે અંગેનો એફ.એસ.એલ અહેવાલ સમગ્ર ટ્રાયલ દરમ્યાન રેકોર્ડ પર રજુ કરવામા આવ્યો નથી.ફરીયાદપક્ષ ને પુરતો અવસર આપવામા આવ્યા હોવા છતા તેઓ એફ.એસ.એલ. રીપોર્ટ રજુ કરવામા નિષ્ફળ રહયા છે.આમ માત્ર એફ.એસ.એલ. રીપોર્ટ થયો નથી તે કારણસર કેસ ને અનિશ્ચિત સમય સુધી પડતર રાખી શકાય નહી. અદાલતના રેકર્ડ ઉપર ઉપલ્બધ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાના આધારે કેસના નિર્ણય કરવાનો હોય છે. નિષ્ણાતનો અભિપ્રાય પુરાવાાનો એક ભાગ માત્ર છે. તે અંતિમ કે નિર્ણાયક પુરાવો નથી.જો ફરીયાદ પક્ષે બનાવટી દસ્તાવેજ અને બનાવટી સહી સાબિત કરવા માટે જરૂરી અને વિશ્વસનીય અન્ય પુરાવા રજુ કર્યો ન હોય ,તો તેનો ભાર ફરીયાદપક્ષ પર જ રહે છે.

વધુમા સદર કામમા ***નામદાર કોર્ટ દવારા મોહમદ ઈબ્રાહી અને અન્ય વિરૂધ્ધ સ્ટેટ ઓફ બીહારના, ૨૦૧૦(૧) જી.એલ.એચ.૧૮૪*** ના ચુકાદામા પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ને ધ્યાને લીધેલ છે જે નીચે ુજબ છે.

**10. An analysis of section 464 of Penal Code shows that it divides false documents into three categories:**

10.1) The first is where a person dishonestly or fraudulently makes or executes a document with the intention of causing it to be believed that such document was made or executed by some other person, or by the authority of some other person, by whom or by whose authority he knows it was not made or executed.

10.2) The second is where a person dishonestly or fraudulently, by cancellation or otherwise, alters a document in any material part, without lawful authority,

after it has been made or executed by either himself or any other person.

10.3) The third is where a person dishonestly or fraudulently causes any person to sign, execute or alter a document knowing that such person could not by reason of (a) unsoundness of mind; or (b) intoxication; or (c) deception practised upon him, know the contents of the document or the nature of the alteration.

11. In short, a person is said to have made a `false document', if (i) he made or executed a document claiming to be someone else or authorised by someone else; or (ii) he altered or tampered a document; or (iii) he obtained a document by practicing deception, or from a person not in control of his senses.

વધુમા નામદાર કોર્ટે દવારા Criminal Appeal nos. 359-360 of 2010, **Sheila Sebastian**,V/S,**R. Jawaharaj & Anr. Etc**, Decided on 11.05.2018 ના ચુકાદામા પ્રસ્થાપિત થયેલ સિધ્ધાતો પર આધાર રાખેલ છે જે નીચે મુજબ છે.

**25.** Keeping in view the strict interpretation of penal statute i.e., referring to rule of interpretation wherein natural inferences are preferred, we observe that a charge of forgery cannot be imposed on a person who is not the maker of the same. As held in plethora of cases, making of a document is different than causing it to be made. As Explanation 2 to Section 464 further clarifies that, for constituting an offence under Section 464 it is imperative that a false document is made and the accused person is the maker of the same, otherwise the accused person is not liable for the offence of forgery.

**27.** A reasonable doubt has already been thoroughly explained in the case of Latesh @ Dadu Baburao Karlekar

Versus The State of Maharashtra, (2018)3 SCC 66 wherein 'reasonable doubt' has been enunciated by this Court as "a mean between excessive caution and excessive indifference to a doubt, further it has been elaborated that reasonable doubt must be a practical one and not an abstract theoretical hypothesis." In this case at hand, the imposter has not been found or investigated into by the concerned

officer. Nothing has been spilled on the relationship between the imposter and respondent no.1. Law is well settled with regard to the fact that however strong the suspicion may be, it cannot take the place of proof. Strong suspicion, coincidence, grave doubt cannot take the place of proof. Always a duty is cast upon the Courts to ensure that suspicion does not take place of the legal proof. In this case, the trial Court as well as the appellate Court carried away by the fact that accused is the beneficiary or the executant of the mortgage deed, where the prosecution miserably failed to prove the first transaction i.e PoA as a fraudulent and forged transaction. The standard of proof in a criminal trial is proof beyond reasonable doubt because the right to personal liberty of a citizen can never be taken away by the standard of preponderance of probability.

આમ ઉપરોકત કાયદાકીય જોગવાઈઓ તેમજ નામદાર સર્વોચ્ચ અદાલત દવારા પ્રસ્થાપિત કરવામા આવેલા સિધ્ધાંતો મુજબ ફરીયાદ પક્ષે સર્વે પ્રથમ આરોપી સામે એ હકીકત પ્રસ્થાપિત કરવી પડે કે, આ કામના આરોપીએ ભારતીય દંડ સંહીતાની કલમ-૪૬૩, તથા ૪૬૪ મા દર્શોવ્યા મુજબ બનાવટી ખોટા દસ્તાવેજો એટલે કે કુટલેખન બનાવેલ છે અને આવા દસ્તાવેજો બનાવવા પાછળ આરોપીનો ઈરાદો કોઈને નુકશાન અથવા હાની પહોચાડવાનો હતો અને તેવા ખોટા દસતાવેજોમા આરોપીએ સહી કરી, સીલ કરી આપ્યુ હોય અથવા તેવુ ચિન્હ કરી દે કે દસ્તાવેજનો કોઈ ભાગ કરી આપેલ છે અને આવો દસ્તાવેજ ભારતીય દંડ સંહીતાની

કલમ–૪૬૪ મા દર્શાવેલ ત્રણ પૈકી કોઈ એક પ્રકાર નો પડે છે અને આવો દસ્તાવેજ આરોપીએ અપ્રમાણિત પણે અથવા કપટપુર્વક અથવા કલમ–૪૬૩ મા દર્શાવેલ કોઈ ઈરાદાથી કરી આપેલ છે.

(૨૧.૯) આમ ફરીયાદીનુ મુખ્ય આરોપ એ છે કે, આરોપીએ પ્રથમ રૂ ૭૦૦,૦૦૦/– ની લોન મેળવવા માટે ફરીયાદી પાસેથી વિવિધ દસ્તાવેજો તથા ચેક પર સહી કરાવી હતી અને ત્યારબાદ ફરીયાદીની જાણ તથા સંમતિ વિના તે જ દસ્તાવેજોનો ગેરઉપયોગ કરી ફરીયાદીની જમીન ઉપર રૂ ૮૦૦,૦૦૦/– ની બીજી લોન મંજુર કરાવી અને તે રકમ પોતે મેળવી લીધી હતી.

પરંતુ ફરીયાદી પક્ષ દવારા રજુ કરાયેલા મૌખિક તથા દસ્તાવેજી પુરાવાના મુલ્યાંકન કરતા એ હકીકત શંકાથી પર સાબિત થતી નથી કે બીજી લોન માટે ઉપયોગમા લેવાયેલા દસ્તાવેજો આરોપીએ ખોટી રીતે તૈયાર કર્યા હતા અથવા ફરીયાદીની સહી બનાવટી હતી. ફરીયાદીપક્ષ તરફે કોઈ નિષણાંતનો અભિપ્રાય, સ્વતંત્ર સાક્ષી અથવા અન્ય વિશ્વસનીય પુરાવા રજુ કર્યા નથી કે જેના આધારે એ કહી શકાય કે આરોપીએ બનાવટી દસ્તાવેજો કર્યા હતા અથવા ફરીયાદીની સહીનો ગેરકાયદેસર રીતે ઉપયોગ કર્યો હતો. વધુમા ફરીયાદી દવારા જે સાહેદોના પુરાવો રજુ કરવામા આવેલ છે તે સાહેદોએ ફરીયાદપક્ષ ને મદદરૂપ કરતા પુરાવો આપેલ નથી.

વધુમા તેવીજ રીતે ફરીયાદપક્ષ એ પણ સાબિત કરવામા નિષ્ફળ ગયુ છે કે,આરોપી પાસે શરૂઆતથી જ છેતરપિડીં કરવાનો કપટપુર્વક ઈરાદો હતો. માત્ર એટલા આધારે કે ફરીયાદી ની મીલકત ઉપર બીજી લોન મંજુર થઈ છે. આરોપી દવારા ભારતીય દંડ સંહીતાની કલમ–૪૨૦ હેઠળ નો છેતરપિંડી નો ગુનો કર્યો હોવાનુ અનુમાન કરી શકાય નહી, જ્યાં સુધી તે માટે જરૂરી કાનુની તત્વો વિશ્વસનીય પુરાવાથી સાબિત ન થાય.

વધુમા,ભારતીય દંડ સંહીતાની કલમ–૪૦૬ તથા ૪૦૯ માટે જરૂરી 'Entrustment" (સોંપણી) તથા તે સોપવામા આવેલી મિલકત ના અપ્રમાણિક ગેર ઉપયોના આવશ્યક તત્વો પણ ફરીયાદ પક્ષ પુરાવાર કરી શકયુ નથી. આરોપી જાહેર સેવર,બેન્કર અથવા કલમ–૪૦૯ મા વર્ણવેલ શ્રેણીમા આવે છે તથા તે ક્ષમતામા મિલકત સોપવામા આવી હતી તેવો કોઈ વિશ્વસનીય પુરાવો પણ ઉપલબધ્ધ નથી.

(૨૧.૧૦) વધુમા ફરીયાદપક્ષ દવારા જે વિવાદીત દસ્તાવેજોને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL) ખાતે તપાસ અર્થે મોકલવા આવ્યા હોવાનુ જણાવવામા આવ્યું છે, તે અંગેનો (FSL) અહેવાલ સ સમગ્ર ટ્રાયલ દરમ્યાન રેકોર્ડ પર રજુ કરવામા આવ્યો નથી. ફરીયાદ પક્ષને પુરતા અવસરો આપવામા આવ્યા હોવા છતા તેઓ (FSL) રીપોર્ટ રજુ કરવામા નિષ્ફળ રહયા છે.

વધુમા માત્ર (FSL)રીપોર્ટ રજુ થયો નથી તે કારણસર કેસને અનિશ્ચિત સમય સુધી પડતર રાખી શકાય તેમ નથી. અદાલતને રેકોર્ડ પર ઉપલ્બધ્ધ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાના આધારે કેસનો નિર્ણય કરવાનો હોય છે.નિષ્ણાંતનો અભિપ્રાય પુરાવાનો એક ભાગ માત્ર છે, તે અંતિમ કે નિર્ણાયક પુરાવો નથી. જો ફરીયાદપક્ષે બનાવટી દસ્તાવેજ અથવા બનાવટી સહી સાબિત કરવા માટે જરૂરી અને વિશ્વસનીય અન્ય પુરાવા રજુ કર્યો ન હોય, તો તેનો ભાર ફરીયાદ પક્ષ પર જ રહે છે.

હાજર કેસમા ફરીયાદપક્ષ દવારા (FSL)અહેવાલ રજુ કરવામા આવ્યો નથી.પરીણામે બનાવટી દસ્તાવેજ,અથવા બનાવટી સહી અંગેનો આરોપ નિ:સંદેહ રીતે સાબિત કરવા માટે જરૂરી વૈજ્ઞાનિક પુરાવો અદાલત સમક્ષ ઉપલબધ્ધ નથી. આવા સંજોગોમા અદાલત માત્ર અનુમાન અથવા શંકા ના આધારે આરોપીને દોષિત ઠેરવી શકતી નથી. ફોજદારી કેસમા આરોપીને વાજબી શંકાથી પરે સાબિત કરવાનો ભાર ફરીયાદપક્ષ પર રહે છે. તે ભાર ફરીયાદપક્ષ નિભાવી

શકયો નથી. વધુમા (FSL)ના રીપોર્ટ ના આધારે તથા રેકોર્ડ પર ઉપલબધ્ધ પુરાવાની સર્વાગી મુલ્યાકંનથી ફરીયાદ પક્ષ આરોપીની વિરૂધ્ધ ભારતીય દંડ સહીતાની કલમ–૪૬૫, ૪૬૬, ૪૬૭ તથા ૪૬૮ હેઠળના બનાવટી દસ્તાવેજ૪૮(False Document) સંબધિત આવશ્યક તત્વો પણ ફરીયાદપક્ષ શંકા થી પર પુરવાર કરવામા નિષ્ફળ ગયુ છે. માત્ર ફરીયાદીના આક્ષેપોના આધારે આરોપીને દોષિત ઠરાવી શકાય નહી, ફોજદારી કેસમા ફરીયાદપક્ષ ઉપર આરોપીને વાજબી શંકાથી પર સાબિત કરવાનો ભાર રહે છે અને જો પુરાવામા શંકા રહેતી હોય તો તેનો લાભ આરોપીને આપવાનો રહે છે.

**૨૨)** આમ સમગ્ર પુરાવાનુ મૂલ્યાકંન કરતા તથા તેમા પંચોએ કોઈ સમર્થન પંચનામા બાબતે કહેલ નથી વધુમાં આ કામે કોઈ જ વિશ્વાસઘાત હાલના આરોપી એ ડાયરેકટ કરેલો હોય તેવો કોઈ ડોકયુમેન્ટ પુરાવા અધીનીયમ કે પુરાવામા મૌખીક કથન થી આવતો નથી અને વધુમા જે જે ડોકયુમેન્ટ રજુ થયેલા તેમા હાલના આરોપીએ કોઈ સહી એફ.એસ.એલમા પુરાવાર થયેલ નથી અને તેમાં કોઈ પ્રોપર્ટીનંબર કે મીલકત નંબર પણ રજુ થયેલ નથી વધુમા જે નોટરી રૂબરૂના સાક્ષી છે તે તમામ ફરીયાદ પક્ષને સંપૂર્ણ સમર્થન કરતી હકીકત બહાર આવેલ નથી. વધુમાં તપાસ કરનાર અમલદારે હાલના આરોપીની મહત્વનો રોલ કેવી રીતે છે અને તેમણે કેવી રીતે કહેવાતી બીજી લોન ફરીયાદીની સહી વાળા દસ્તાવેજોનો ઉપયોગમા લઈ લીધેલ હોવાની હકીકત પણ પુરાવા અધીનીયમ મુજબ સાબીત કરેલ નથી અને વધુમા ફરીયાદી નો મૌખીક કથનમા પણ હાલના આરોપીનો રોલ હોવા બાબતે શંકા ઉપજાવે તેવો પુરાવો કહેલ છે જેથી આમ તમામ પુરાવો જોતા ફરીયાદ પક્ષ તેઓનો કેસ શંકા રહીત સાબીત કરી શકેલ નથી અને જેથી બચાવ પક્ષ ની દલીલો ગ્રાહય રાખવા પાત્ર જણાતી હોય અને જેથી મુદ્દાનંબર–૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દાનંબર–૨ બાબતે નીચે મુજબ નો હુકમ ફરમાવવામાં આવેછે.

**<u>// હુકમ //</u>**

**૦૧)** આ કામનાં આરોપી મગનભાઈ કોલીયાભાઈ ઉકડીયાભાઈ વસાવા, રહે. વાંદરીયા ઓફીસ ફળીયુ,વાલીયા, તા. વાલીયા,જી.ભરૂચ નાઓને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૪૮ (૧) અન્વયે ઈન્ડીયન પીનલ કોડની કલમ-૪૦૬, ૪૦૯, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી), ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૦૨)** ક્રી. પ્રો. કોડ કલમ-૪૩૭ (એ) (૧) મુજબ, સંભવિત અપીલના હેતુ માટે ફરમાવવામાં આવે ત્યારે ઉચ્ચ અદાલતમાં હાજર થવા માટે આરોપીએ રૂા.૧૦,૦૦૦/- (અંકે રૂપીયા દસ હજાર) પૂરા ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજુ કરવા હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજરોજ તારીખ-૨૧ જી માહે-જુલાઈ સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

| | |
|---|---|
| તા. ૨૧/૦૭/૨૦૨૬<br>સ્થળ: વાલીયા.<br><br>જે.જે.શાહ-સ્ટેનો. | **(આદિલનવાજ મો.શફી સોની)**<br>જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ<br>વાલીયા.જી.ભરૂચ.<br>**યુનિક જજ કોડ-જીજે૦૧૬૩૬** |